વડોદરાથી દર શુક્રવારે પ્રસિધ્ધ થતુ નિડર અને નિષ્પક્ષ અખબાર

@dailypulsenews24

ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.

દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

❖ માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : રાવલ પ્રકાશ જગદીસ મો. ૯૯૦૯૯ ૧૧૧૭૫ ❖ R.N.I. NO : GJGUJ/25/A1447 ❖

Year : 1 • Issue : 08 • Date :- 22-08-2025 - Friday • Price Rs. 2 • Place Of Publication :- 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007

❖ વર્ષ : ૦૧ ❖ અંક : ૦૮ ❖ તા. ૨૨-૦૮-૨૦૨૫ શુક્રવાર ❖ વાર્ષિક લવાજમ : રૂા. ૧૦૦/- ❖ છુટક નકલ : કિંમત રૂા. ૨/- ❖ ૭૦૩ સ્ટારલાઈન કોમ્પલેક્ષ, અલકાપુરી, સરકીટ હાઉસ સામે, વડોદરા-૩૯૦૦૦૭

# અણગઢમાં મહીસાગરના પાણીમાં 'હરણી કાંડ-૨'નું ષડયંત્ર? તંત્રની રહેમનજર હેઠળ મોતની સવારી

વડોદરાઃ

વડોદરાઃ શહેર હજી હરણી તળાવ દુર્ઘટનાના આઘાતમાંથી બહાર નથી આવ્યું, ત્યાં વડોદરા તાલુકાના અણગઢ ગામે મહીસાગર નદીમાં તેવી જ એક મોટી હોનારતનું પુનરાવર્તન થાય તેવી ભીતિ સેવાઈ રહી છે. અણગઢ સ્થિત મસાની મેલડી માતા મંદિર પાસે ચાલતી બોટિંગ સેવા સ્થાનિક તંત્રની ઘોર બેદરકારી અને અણઆવડતની ચાડી ખાય છે. સ્થાનિક રહીશો પાસેથી મળતી ચોંકાવનારી વિગતો મુજબ, અહીં ચાલતી નાવડીની ક્ષમતા માત્ર ૧૫ મુસાફરોની છે, પરંતુ પૈસા કમાવવાની લાલચમાં બોટ ચાલકો બેફામપણે ૩૦ થી ૩૫ જેટલા લોકોને ઘેટાં-બકરાંની જેમ ભરી રહ્યા છે. આટલું જ નહીં, મુસાફરોની સુરક્ષા માટે જરૂરી લાઈફ જેકેટ કે અન્ય સલામતીના સાધનોનો પણ સદંતર અભાવ જોવા મળે છે. ગામના લોકોમાં ભયનો માહોલ છે કે જો કોઈ દુર્ઘટના ઘટશે તો જવાબદાર કોણ? આ ગંભીર પરિસ્થિતિ અનેક સવાલો ઉભા કરે છે. આ બોટિંગ ચલાવવાની પરવાનગી કોણે આપી? શું સ્થાનિક મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી કે પોલીસ તંત્ર આ ગેરકાયદેસર પ્રવૃત્તિથી અજાણ છે? કે પછી કોઈના રહેમોકરમ પર લોકોના જીવ સાથે આ ખેલ ચાલી રહ્યો છે? હરણી દુર્ઘટના બાદ પણ તંત્રએ કોઈ બોધપાઠ ન લીધો હોય તેવું સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. જો



સમયસર આ મોતની સવારી બંધ નહીં કરાવાય, તો અણગઢમાં પણ હરણી જેવો ગોઝારો કાંડ સર્જાય તો નવાઈ નહીં. (વધુ વિગતો અને જવાબદાર અધિકારીઓની પ્રતિક્રિયા આવતા અંકે...)

# સુપ્રીમ કોર્ટની સલાહ લેવી કે નહીં તે કોર્ટ નહીં રાષ્ટ્રપતિ જ નક્કી કરશે : કેન્દ્ર સરકારની સ્પષ્ટતા



નવી દિલ્હી,

કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે ન્યાયતંત્ર એ નક્કી કરી શકતું નથી કે રાષ્ટ્રપતિ ક્યારે અને કયા બિલના મામલે સુપ્રીમ કોર્ટની સલાહ લઈ શકે છે. કેન્દ્ર સરકારે બિલની બંધારણીયતા અંગે રાષ્ટ્રપતિને સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવા માટે ફરજ પાડતા નિર્ણય પર વાંધો ઉઠાવતા કહ્યું છે કે અદાલતો રાષ્ટ્રપતિને એવી સૂચના આપી શકતી નથી કે તેઓ પોતાની સંપૂર્ણ વિવેકબુદ્ધિનો ઉપયોગ કરીને કેવી રીતે, ક્યારે અને કયા મુદ્દાઓ પર સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લે.આ સાથે જ કેન્દ્રએ રાષ્ટ્રપતિના સંદર્ભમાં દાખલ કરાયેલી લેખિત દલીલોમાં કહ્યું કે, 'રાજ્ય વિધાનસભામાં પસાર થયેલા બિલ પર પગલાં લેવા માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિ પર નિશ્ચિત સમયમર્યાદા લાદવાનો અર્થ એ થશે કે સરકારનું એક અંગ બંધારણમાં તેને ન અપાયેલી સત્તાઓનો ઉપયોગ કરી રહ્યું છે અને તેનાથી 'બંધારણીય અરાજકતા' ઊભી થશે.' મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની અધ્યક્ષતાવાળી ૫ જજોની બેન્ચ સમક્ષ રાષ્ટ્રપતિના સંદર્ભ પર મંગળવારે થનારી સુનાવણી પહેલાં, કેન્દ્રએ કહ્યું કે, 'કાનૂનનો કોઈ પણ બંધારણીય પ્રસ્તાવ, જેમાં રાષ્ટ્રપતિ પાસેથી દરેક આરક્ષિત બિલને સુપ્રીમ કોર્ટમાં મોકલવાની બંધારણીય અપેક્ષા રાખવામાં આવે છે, તે બંધારણીય વ્યવસ્થા વિરુદ્ધ છે.' કેન્દ્રએ સુપ્રીમ કોર્ટની બેન્ચના આ પ્રસ્તાવને નકારવાના ત્રણ કારણો આપ્યા છે.સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી છે કે સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલી સમયમર્યાદા બંધારણીય સંતુલન બગાડશે. તેમણે કહ્યું કે જો કોઈ ભૂલ થાય, તો તેને ચૂંટણી, કાયદાકીય દેખરેખ, કારોબારી જવાબદારી કે સલાહ જેવી બંધારણીય પ્રક્રિયાઓથી સુધારવી જોઈએ. અનુચ્છેદ ૧૪૨ સુપ્રીમ કોર્ટને એવી કોઈ સત્તા આપતો નથી કે તે 'માન્ય સહમતિ' જેવો નવો નિયમ બનાવીને બંધારણીય પ્રક્રિયાને ઉલટાવી દે.રાજ્યપાલ અને રાષ્ટ્રપતિના પદ રાજકીય છે, તેથી તેમના નિર્ણયો સાથે જોડાયેલા કોઈ પણ વિવાદનું સમાધાન રાજકીય અને બંધારણીય રીતે થવું જોઈએ, ન્યાયાલય દ્વારા નહીં. સોલિસિટર જનરલ તુષાર મહેતાનું કહેવું છે કે, આવા મુદ્દાઓનો ઉકેલ ન્યાયિક હસ્તક્ષેપથી નહીં, પરંતુ રાજકીય રીતે લાવવો જોઈએ.સુપ્રીમ કોર્ટના નિર્ણયને પડકારતા, તુષાર મહેતાએ દલીલ કરી છે કે અનુચ્છેદ ૨૦૦ અને ૨૦૧માં, જે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિના બિલને મંજૂરી આપવાના અધિકારો સાથે સંબંધિત છે, કોઈ સમયમર્યાદા જાણીજોઈને મૂકવામાં આવી નથી. જ્યારે બંધારણને કોઈ નિર્ણય માટે સમયમર્યાદા નક્કી કરવી હોય છે, ત્યારે તે સ્પષ્ટપણે તેનો ઉલ્લેખ કરે છે. જ્યાં આવી મર્યાદા નથી, તેનો અર્થ એ છે કે શક્તિનો ઉપયોગ લચીલાપણું સાથે થવો જોઈએ. ન્યાયાલય દ્વારા આવી મર્યાદા નક્કી કરવી એ બંધારણમાં સુધારો કરવા જેવું હશે.નોટમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે નિયંત્રણ અને સંતુલન હોવા છતાં, બંધારણમાં કેટલાક એવા ક્ષેત્રો છે જે રાષ્ટ્રના ત્રણ અંગો (ન્યાયતંત્ર, કાર્યપાલિકા અને વિધાયિકા)માંથી કોઈ એક માટે વિશેષ છે અને અન્ય કોઈ તેના પર અતિક્રમણ કરી શકે નહીં. રાજ્યપાલ અને રાષ્ટ્રપતિના પદ આ જ ક્ષેત્રમાં આવે છે. રાજ્યપાલની મંજૂરી આપવાની શક્તિ એક ખાસ અને વિશિષ્ટ અધિકાર છે, જે કાયદાકીય પ્રકૃતિ ધરાવે છે.

## ૩ ઈજાગ્રસ્ત, સુરક્ષાદળોએ વિસ્તાર ઘેર્યો

# છત્તીસગઢમાં ભયંકર IED બ્લાસ્ટમાં એક જવાન શહીદ




નવી દિલ્હી,

છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં એક મોટો IED બ્લાસ્ટ થયો છે. આ દુર્ઘટનામાં ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ (DRG)ના એક જવાન શહીદ થયા છે અને ત્રણ જવાન ઘાયલ થયા છે. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ઈમ્પ્રુવાઈઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઈસ (IED) નક્સલવાદી ઓએ પ્લાન્ટ કરી હતી, જેના કારણે આ વિસ્ફોટ થયો. બ્લાસ્ટ વિશે માહિતી આપતા એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે આ વિસ્ફોટ આજે સવારે ઈન્દ્રાવતી નેશનલ પાર્ક પાસે થયો હતો.અધિકારીએ જણાવ્યું કે DRG અને રાજ્ય પોલીસની ટીમે રવિવારે નક્સલવાદીઓ વિરુદ્ધ ઓપરેશન ચલાવ્યું હતું. આ દરમિયાન નક્સલવાદીઓએ રસ્તામાં IED પ્લાન્ટ કર્યું હતું. જ્યારે સુરક્ષા દળોની ટીમ સ્થળ પર પહોંચી, ત્યારે એક જોરદાર બોમ્બ વિસ્ફોટ થયો હતો. આ બ્લાસ્ટમાં DRG જવાન દિનેશ નાગ શહીદ થયા છે, તેમજ અન્ય ત્રણ જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.શહીદ જવાન દિનેશ નાગનો પાર્થિવ દેહ બીજાપુર જિલ્લા હોસ્પિટલ લાવવામાં આવ્યો છે. જ્યારે ઘાયલ જવાનો ભરત ધીર, પાયકૂ હેમલા અને મુંદરુ કવાસીને પણ જિલ્લા મુખ્યાલય લાવવામાં આવ્યા છે. આ ત્રણેય ઘાયલોને સેનાના હેલિકોપ્ટર દ્વારા રાયપુર મોકલવામાં આવશે.શહીદ જવાન દિનેશ નાગ બીજાપુરના જ રહેવાસી હતા અને તેઓ વર્ષ 2017માં સીધા DRGમાં ભરતી થયા હતા. દિનેશ એક બાળકના પિતા હતા અને હાલ તેમની પત્ની ગર્ભવતી છે. ઉલ્લેખનીય છે કે, જવાનોની ટીમ તે વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી.

# ચૂંટણી પંચે પછાત વર્ગોના મતદારોના નામ કમી કર્યાનો અખિલેશનો દાવો



નવી દિલ્હી,

કોંગ્રેસ અને વિપક્ષી પાર્ટીઓ મત ચોરીના ગંભીર આક્ષેપો સાથે ચૂંટણી પંચ અને ભાજપ પર નિશાન સાધી રહ્યા છે. આ દરમિયાન સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે ચૂંટણી પંચ પર પછાત સમુદાયના મતદારોના નામ કમી કરવાનો અને શાસક ભાજપની તરફેણમાં કામ કરવાનો આક્ષેપ કર્યો હતો.સપા સુપ્રીમોએ મીડિયાને જણાવ્યું હતું કે, ભાજપને ફાયદો પહોંચાડવા માટે મૌર્ય, પાલ, બઘેલ અને રાઠોડ સમુદાયો સહિત અનેક પછાત જૂથોના મતદારોના નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. સપાએ અગાઉ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો. એવું દર્શાવવામાં આવી રહ્યું છે કે આ મતો ક્યાંક બીજે ક્યાંક જઈ રહ્યા છે. સપા સુપ્રીમોએ દાવો કર્યો હતો કે તેમની પાર્ટીએ એવા મતવિસ્તારો ઓળખી કાઢ્યા છે જ્યાં તેઓ ઓછા માર્જિનથી હારી ગયા હતા. તેમણે ઉમેર્યું કે, જો આપણને મતદાર યાદી આપણી માંગણી મુજબના ફોર્મેટમાં મળે તો આપણે આવા વધુ કેસ પૂરા પાડી શકીએ છીએ. ૨૦૧૯માં પડેલા મતો ૨૦૨૨ સુધીમાં કાઢી નાખવામાં આવ્યા હતા. મતદાર ઓળખ કાર્ડ બનાવવા માટે પણ યોગ્ય પ્રક્રિયા છે, પરંતુ તેની અવગણના કરવામાં આવી રહી છે.આ સાથે જ ભૂતપૂર્વ મુખ્યમંત્રીએ દોષિત અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. સમાજવાદી પાર્ટીના રામગોપાલ યાદવે નોંધ્યું કે ચૂંટણી પંચે વારંવાર કહ્યું છે કે વિપક્ષી પાર્ટીઓ દ્વારા કરવામાં આવી રહેલા આક્ષેપો સોગંદનામા દ્વારા રજૂ કરવા જોઈએ. ૨૦૨૨ની ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં અખિલેશ યાદવે કહ્યું કે સમાજવાદી પાર્ટીના સમર્થકોના મોટી સંખ્યામાં મત કાઢી નાખવામાં આવ્યા છે, ત્યારે ચૂંટણી પંચે તેમને આ અંગે સ્પષ્ટતા કરવા માટે નોટિસ જારી કરી હતી. તેના જવાબમાં ચૂંટણી પંચને ૧૮,૦૦૦ સોગંદનામા સબમિટ કરવામાં આવ્યા હતા, જે બધા યોગ્ય રસીદો સાથે હતા. તમને જાણીને આશ્ચર્ય થશે કે આજ સુધી તે સોગંદનામા પર એક પણ કાર્યવાહી કરવામાં આવી નથી,'' તેવો દાવો યાદવે કર્યો હતો.કોંગ્રેસે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને લઈને આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, આ ચૂંટણી નકલી મતદાર યાદીઓના આધારે યોજાઈ હતી, તેથી તેને નકલી અને ગેરકાયદેસર જાહેર કરવી જોઈએ. પાર્ટીએ એમ પણ કહ્યું હતું કે જો ચૂંટણી પંચે વિપક્ષી નેતા રાહુલ ગાંધીને તેમના નિવેદન પર તાત્કાલિક નોટિસ મોકલી હતી,કોંગ્રેસે ૨૦૨૪ની લોકસભા ચૂંટણીને લઈને આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, આ ચૂંટણી નકલી મતદાર યાદીઓના આધારે યોજાઈ હતી તો પછી ભાજપના નેતા અનુરાગ ઠાકુરને હજુ સુધી નોટિસ કેમ મોકલવામાં આવી નથી? જો ભાજપને મતદારોની યાદીનો ઈલેક્ટ્રોનિક ડેટા મળી ગયો છે, તો તેમની પાર્ટીને પણ મળવો જોઈએ, કારણ કે આ ડેટા સાબિત કરશે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વારાણસીથી લોકસભાની ચૂંટણી હારી રહ્યા હતા અને તેમને બનાવટી મતદારોનો બૂસ્ટર ડોઝ મળ્યો હતો.

# ઓનલાઇન ગેમિંગ : ભારતીયોનો રૂ. ૧.૨૦ લાખ કરોડનો વાર્ષિક ખર્ચ

નવી દિલ્હી,

ઓનવાઈન ગેમિંગનો ભારતીયોમાં એટલો ક્રેઝ છે કે તે દર મહિને યુપીઆઈથી દસ હજાર કરોડ કરતાં વધુ રકમ એટલે કે વર્ષે ૧.૨૦ લાખ કરોડથી વધુ રકમ ખર્ચી કાઢે છે. તેમા પણ ચાલુ વર્ષે એટલે કે વર્તમાન નાણાકીય વર્ષમાં તો રૂ. ૪૧,૦૦૦ કરોડથી વધુની રકમ ખર્ચાઈ ચૂકી છે. આ શબ્દો બીજા કોઈના નહીં ભારતના મુખ્ય આર્થિક સલાહકાર વી અનંતા નાગેશ્વરરાવના છે. નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસી આઈ)એ યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (યુપીઆઈ) દ્વારા વિવિધ કેટેગરીઓના મર્ચન્ટ્સને કરવામાં આવતા પેમેન્ટનો બ્રેક-અપ પહેલી વખત રજૂ કર્યો તે સમયે મુખ્ય આર્થિક સલાહકારે આ વાત જણાવી હતી. આ આંકડા મુજબ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ચાર મહિનામાં જ યુપીઆઈ દ્વારા ઓનલાઈન ગેમિંગ પેટે પ્રતિ માસ રુ. ૧૦,૦૦૦ કરોડથી વધુ રકમની ચૂકવણી થઈ છે. આ આંકડો જ બતાવે છે કે ભારતીયો ઓનલાઈન ગેમિંગ પાછળ કેટલા રૂપિયા ખર્ચી રહ્યા છે. આ રકમ પ્રતિ માસ રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધારે એટલે કે વર્ષે રૂ. ૧.૨૦ લાખ કરોડથી પણ વધી જાય છે. આ આંકડો ફક્ત યુપીઆઈ દ્વારા થતી જ ચૂકવણીનો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ દ્વારા વિવિધ મંત્રાલયો અને વિભાગોના આંકડાકી સલાહકારો વચ્ચે યોજાયેલી બેઠકને સંબોધતા નાગેશ્વરને આ વાત જણાવી હતી. સરકારના મુખ્ય આર્થિક સલાહકારે આ આંકડાકીય સલાહકારોને જણાવ્યું હતું કે ગ્રાહક ખર્ચ, જીડીપી વૃદ્ધિ, બચત અને અસ્થાયી આવકની અસરોનો અભ્યાસ કરવા માટે એક અલગ વર્કશોપનું આયોજન કરવું જોઈએ. આ અઠવાડિયે અગાઉ એનપીસીઆઈએ જારી કરેલા આંકડા મુજબ એપ્રિલથી જુલાઈ ૨૦૨૫-૨૬ દરમિયાન ડિજિટલ ગેમ્સ માટે યુપીઆઈ દ્વારા રૂ. ૪૦,૯૯૨ કરોડની રકમ ચૂકવાઈ હતી. આટલી જ રકમ સ્ટોરમાંથી દવાની ખરીદી અને ફાર્મસી પેટે ચૂકવાઈ હતી. આ આંકડો જ બતાવે છે કે ભારતીયો ઓનલાઈન ગેમિંગ પાછળ કેટલા રૂપિયા ખર્ચી રહ્યા છે. આ રકમ પ્રતિ માસ રૂ. ૧૦,૦૦૦ કરોડથી વધારે એટલે કે વર્ષે રૂ. ૧.૨૦ લાખ કરોડથી પણ વધી જાય છે. આ આંકડો ફક્ત યુપીઆઈ દ્વારા થતી જ ચૂકવણીનો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ દ્વારા વિવિધ મંત્રાલયો અને વિભાગોના આંકડાકી સલાહકારો વચ્ચે યોજાયેલી બેઠકને સંબોધતા નાગેશ્વરને આ વાત જણાવી હતી. આ યુપીઆઈ ચૂકવણી એપ્રિલથી જુલાઈ સુધીના પૂરા થયેલા.

# કેન્દ્ર સરકારના એનડીએ ગઠબંધને ઉપરાષ્ટ્રપતિ પદ માટે સીપી રાધાકૃષ્ણનની પસંદગી કરી




નવીદિલ્હી,

કેન્દ્ર સરકારના એનડીએ ગઠબંધને ઉપરાષ્ટ્રપતિ પદ માટે સીપી રાધાકૃષ્ણનની પસંદગી કર્યા બાદ વિપક્ષે અનેક મથામણોના અંતે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ બી. સુદર્શન રેડ્ડીનું નામ જાહેર કર્યું છે. I.N.D.I.A ગઠબંધને ઉપરાષ્ટ્રપતિ પદ માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ બી. સુદર્શન રેડ્ડીને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે. ઉપરાષ્ટ્રપતિ પદ માટે ૯ સપ્ટેમ્બરના રોજ ચૂંટણી યોજાશે. જેના પરિણામ તે જ દિવસે જાહેર થશે.કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના નિવાસ સ્થાને યોજાયેલી વિપક્ષની બેઠકમાં અનેક ચર્ચા-વિચારણાના અંતે બી સુદર્શન રેડ્ડીની પસંદગી કરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે, વિપક્ષમાં આ પદ માટે ઉમેદવારની પસંદગી દરમિયાન અનેક મડાગાંઠ સર્જાઈ હોવાના અહેવાલ હતાં. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ અંગે જાહેરાત કરતાં કહ્યું હતું કે, ઉપરાષ્ટ્રપતિ પદની આ ચૂંટણી એક વૈચારિક લડાઈ છે. વિપક્ષના તમામ દળ આ મામલે સહમત થયા છે. રેડ્ડી ૨૧ ઓગસ્ટના રોજ ઉમેદવારી નોંધાવશે. NDA (નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ)એ પોતાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારનું નામ રવિવારે જાહેર કર્યું હતું. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ આ અંગે જણાવ્યું હતું કે, સી.પી. રાધાકૃષ્ણન NDAના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રહેશે. હાલમાં સી.પી. રાધાકૃષ્ણન મહારાષ્ટ્રના રાજ્યપાલ છે. પરાષ્ટ્રપતિ પદના ઉમેદવારનું નામ ફાઈનલ કરવા માટે ભાજપ સંસદીય બોર્ડની બેઠક બોલાવવામાં આવી હતી.

## તંત્રી લેખ

# દેશ સામેના પડકારો

દેશે તેનો ૭૯મો સ્વતંત્રતા દિવસ ઉજવ્યો છે. આ પ્રસંગે ઉજવણી કરવા માટે સિદ્ધિઓની કોઈ કમી નથી. ભારતે જે ઊંચાઈઓ હાંસલ કરી છે તે કોઈ નાની વાત નથી કારણ કે તફાવતો અને વિવિધતાઓ હોવા છતાં, ભારત દાયકાઓથી એક રહ્યું છે અને ઉત્તરોત્તર મજબૂત બન્યું છે. ઉદાહરણ તરીકે, આ વર્ષે મે મહિનામાં ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતમાં રાષ્ટ્રીય એકતાની લાગણી ચરમસીમાએ હતી. ભારતે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. પહેલગામ આતંકવાદી હુમલા પછી, સમગ્ર રાષ્ટ્રે માત્ર એકસાથે શોક વ્યક્ત કર્યો જ નહીં, પરંતુ જ્યારે જવાબ આપવાની વાત આવી ત્યારે સરકાર અને સશસ્ત્ર દળોની સાથે મજબૂતીથી દેશ ઊભો રહ્યો. ઓપરેશન સિંદૂરમાં, પાકિસ્તાનમાં આતંકવાદી માળખાનો નાશ કરવામાં આવ્યો અને પછી પાકિસ્તાની સેનાની ઉશ્કેરણીનો યોગ્ય જવાબ આપવામાં આવ્યો. ભારતીય સેનાએ પાકિસ્તાની સેનાના માળખાને ગંભીર નુકસાન પહોંચાડ્યું. આ સાથે, ભારતે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ સામે લડવામાં એક નવી રેખા દોરી છે.

આર્થિક દ્રષ્ટિએ પણ, ભારત હાલમાં વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે અને ટોચની અર્થવ્યવસ્થાઓમાંની એક છે. છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન, દેશની અર્થવ્યવસ્થા ઝડપી ગતિએ આગળ વધી છે, જેના કારણે દેશમાં ગરીબીમાં ઘણી હદ સુધી ઘટાડો થયો છે. એક રાષ્ટ્ર તરીકે, ભારત પાસે ઉજવણી કરવા માટે ઘણી સિદ્ધિઓ છે પરંતુ તે આપણી ખામીઓ પર નજર નાખવા અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા માટે વ્યૂહરચના ઘડવાની પણ તક છે. સરકારનો ઉદ્દેશ્ય ૨૦૪૭ સુધીમાં, જે સ્વતંત્રતાનું શતાબ્દી વર્ષ છે, ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનો છે. આ એક સ્વાગતયોગ્ય ધ્યેય છે તેમાં કોઈ શંકા નથી, પરંતુ આ સ્વપ્નને સાકાર કરવા માટે ભારતનું રાજકારણ અને અર્થતંત્ર યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે કે કેમ તેની ચર્ચા પણ જરૂરી છે.

આપણે બધા સહમત છીએ કે ભારતે ઝડપી ગતિએ આગળ વધવાની જરૂર છે. જોકે, આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ છેલ્લા કેટલાક દાયકાઓ કરતાં ઘણી વધુ પડકારજનક બની ગઈ છે. અમેરિકાએ ભારત પર ૫૦ ટકાથી વધુ ટેરિફ લાદ્યા છે, જેમાં રશિયા પાસેથી તેલ ખરીદવા પર વધારાની ૨૫ ટકા ડ્યુટીનો પણ સમાવેશ થાય છે. આ પરિસ્થિતિ ગંભીર છે કારણ કે અમેરિકા ભારતનું સૌથી મોટું નિકાસ બજાર છે. જો કે એવી અપેક્ષા છે કે આગામી અઠવાડિયામાં પરિસ્થિતિમાં સુધારો થશે, પરંતુ આવા ઊંચા ટેરિફ દેશમાં નિકાસ, વિકાસ અને રોજગાર સર્જન પર ગંભીર અસર કરશે. અમેરિકા સાથે ભારતના સંબંધો સતત મજબૂત થઈ રહ્યા હતા પરંતુ અચાનક પરિસ્થિતિ બદલાઈ ગઈ. છે.

આ જોતાં, આપણે સમજવું પડશે કે સમસ્યાઓ ખરેખર શું હતી અને ભારત તેનું અસ્તિત્વ કેવી રીતે પાછું મેળવી શકે છે. આ એક યોગ્ય સમય છે કે ભારતે કેવા પ્રકારની અર્થવ્યવસ્થાનું નિર્માણ કરવું જોઈએ તેની ચર્ચા કરવામાં આવે જેથી યુવાનોની આકાંક્ષાઓ પૂર્ણ કરવાની સાથે વિકાસ લક્ષ્યો પણ સરળતાથી પ્રાપ્ત થઈ શકે. આવનારા વર્ષો અને દાયકાઓમાં ભારત શું પ્રાપ્ત કરશે તે મોટાભાગે ભારતના રાજકારણ અને શાસનની દિશા અને સ્થિતિ પર આધાર રાખે છે. મજબૂત સંસ્થાઓ દ્વારા સમર્થિત એક ખુલ્લી, નિયમો-આધારિત વ્યવસ્થા ભારતની વધુ સારી સેવા કરશે. ભારતની વ્યવસ્થામાં કેટલીક સંસ્થાઓએ અપેક્ષા મુજબ પ્રદર્શન કર્યું નથી. ઉદાહરણ તરીકે, મહત્વપૂર્ણ બિલો સંસદ અથવા રાજ્ય વિધાનસભાઓમાં વધુ ચર્ચા વિના પસાર કરવામાં આવે છે.

ક્યારેક બહુમતી ઘેટાના ટોળા જેવી હોય છે. ભાજપ શાસિત રાજ્યોમાં વિધાનસભાનું સત્ર મળવાનું હોય એ પહેલા ધારાસભ્યોએ ક્યા પ્રશ્નો પૂછવા એની ચિઠ્ઠી પક્ષ તરફથી આપવામાં આવે છે. ધારાસભ્યો પોતાના વિસ્તારના ખરા પ્રશ્નો પૂછી શકતા નથી. મુંબઈ જતી ટ્રેનને અમુક ગામમાં સ્ટોપેજ આપવા માટે જેવા રેલવે મંત્રાલયના પ્રશ્નો પણ ધારાસભ્યો પૂછે છે. કારણ કે જે પૂછવાનું છે તે નથી પૂછવાનું એવો પક્ષનો અલિખિત હુકમ છે. આ બધી લોકશાહીને અપંગ કરનારી પદ્ધતિઓ વધતી જાય છે ને એ મોટો પડકાર છે. વિપક્ષ ભારતના ચૂંટણી પંચની કામગીરી પર પ્રશ્નો ઉભા કરી રહ્યો છે. આવી પરિસ્થિતિ પહેલાં ક્યારેય ઊભી થઈ ન હતી. ચૂંટણી પંચનું બિનપક્ષપાતી વર્તન એ ભારતીય રાજકીય વ્યવસ્થાનો પાયો છે જેના પર બાકીનું બધું નિર્ભર છે. રાજકીય કાર્યકરો અને મતદારો બંનેના મનમાં કોઈ શંકા કે મૂંઝવણની સ્થિતિ ન હોવી જોઈએ.

# બ્રેવિસના આઈપીએલ કરાર વિવાદ પર CSKના નિવેદન બાદ અશ્વિનની સ્પષ્ટતા

સાઉથમ્પ્ટન,

ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ક્રિકેટર રવિચંન્દ્રન અશ્વિને ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2025 દરમિયાન ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) દ્વારા ડેવાલ્ડ બ્રેવિસની ખરીદી અંગે મોટું નિવેદન આપતા હોબાળો મચી ગયો હતો. આ મુદ્દે CSKએ આગળ આવીને જણાવ્યું હતું કે, બ્રેવિસ સાથેનો કરાર IPLના નિયમો મુજબ થયો છે. CSKના આ નિવેદન બાદ અશ્વિને પણ સ્પષ્ટતા કરી છે કે, મારો વિડીયો CSKની સાઈનિંગ એમાઉન્ટ પર નહીં પરંતુ બ્રેવિસની બેટિંગ પર હતો. આમાં કોઈની ભૂલ નથી. ઈજાને કારણે ખેલાડીઓને બદલવા આ લીગમાં એક સામાન્ય બાબત રહી છે.CSKએ ટુર્નામેન્ટ દરમિયાન ફાસ્ટ બોલર ગુર્જપનિત સિંહના સ્થાને બ્રેવિસની રૂ. 2.2 કરોડમાં ખરીદીને ટીમમાં સામેલ કર્યો હતો. જોકે, અશ્વિને દાવો કર્યો હતો કે યુવા ખેલાડીને તેની માંગણી પર મોટી રકમ આપવામાં આવી હતી. જોકે, CSKએ આ દાવાને નકારી કાઢ્યો હતો.આના પર અશ્વિને તેની યુટ્યુબ ચેનલ પર કહ્યું કે તેનો હેતુ બ્રેવિસના વર્તમાન ફોર્મ વિશે વાત કરવાનો હતો. આપણે એવા સમયમાં જીવી રહ્યા છીએ જ્યાં આપણે સાચી બાબતો પર પણ સ્પષ્ટતા આપવી પડે છે. આવી સ્થિતિમાં તે થોડું મુશ્કેલ છે. પરંતુ હું તેના વિશે વાત નહીં કરું. અહીં કોઈનો વાંક નથી. આ બાબતે સ્પષ્ટતા આપવામાં આવી છે કારણ કે ઘણા લોકોને શંકા હતી.ઈજાને કારણે ખેલાડીઓને બદલવા આ લીગમાં એક સામાન્ય બાબત રહી છે.CSKએ ટુર્નામેન્ટ દરમિયાન ફાસ્ટ બોલર ગુર્જપનિત સિંહના સ્થાને બ્રેવિસની રૂ. 2.2 કરોડમાં ખરીદીને ટીમમાં સામેલ કર્યો હતો. જોકે, અશ્વિને દાવો કર્યો હતો કે યુવા ખેલાડીને તેની માંગણી પર મોટી રકમ આપવામાં આવી હતી. જોકે, CSKએ આ દાવાને નકારી કાઢ્યો હતો. મુદ્દો એ છે કે ખેલાડીનો કોઈ વાંક નથી, ફ્રેન્ચાઇઝનો કોઈ વાંક નથી અને કદાચ ગવર્નિંગ બોડીનો પણ કોઈ વાંક નથી. આપણે બધાએ સમજવું પડશે કે જો કોઈ ફ્રેન્ચાઇઝીને ખેલાડીની જરૂર હોય, તો ફ્રેન્ચાઇઝી તે ખેલાડી અથવા ખેલાડીના એજન્ટ સાથે વાત કરે છે અને BCCIને કહે છે કે અમારો ખેલાડી ઘાયલ છે અને બીજા ખેલાડીની જરૂર છે. મામલો અહીં જ પતી જાય છે.અશ્વિને ઉમેર્યું કે, IPL અથવા જેને મંજૂરી આપવાની હોય છે, તેઓ મંજૂરી આપે છે અને ખેલાડી આવે છે અને રમે છે. જો તેમાં કોઈ ભૂલ હોય તો તે ખેલાડી ફ્રેન્ચાઇઝી માટે નથી રમતો. આ બ્રેવિસ વિશે નથી, સામાન્ય રીતે આવું થાય છે. બીજી એક વાત હું સમજાવવા માંગુ છું કે વિડીયોમાં મારો હેતુ બ્રેવિસ કેટલી સારી બેટિંગ કરી રહ્યો છે તે બતાવવાનો હતો.

### ૧,૦૦,૦૦૦થી વધુ મુસાફરો અટવાયાં

# એર કેનેડાના ફ્લાઇટ એટેન્ડેન્ટ્સનો હડતાળ સમેટવા ઇન્કાર

## કેનેડા ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ બોર્ડે સ્ટાફને બપોરે બે કલાક સુધીમાં કામ પર પાછા ફરવાનો આદેશ આપ્યો હતો




ટોરન્ટો,

એર કેનેડાની ફ્લાઈટના હડતાળ પર ઉતરેલાં ૧૦,૦૦૦થી વધુ ફ્લાઈટ એટેન્ડેન્ટ્સનું પ્રતિનિધિત્વ કરતાં યુનિયને સ્પષ્ટ કર્યું છે કે તે કામ પર નહિ જાય અને હડતાળ ચાલુ રાખશે અને તેના કારણે આવા પીક સમર ટ્રાવેલ સીઝનમાં વિશ્વભરમાં ૧,૦૦,૦૦૦થી વધુ મુસાફરો અટવાયા છે. કેનેડા ઈન્ડસ્ટ્રિયલ રિલેશન્સ બોર્ડે સ્ટાફને બપોરે બે કલાક સુધીમાં કામ પર પાછા ફરવાનો આદેશ આપ્યો હતો. સરકારે પણ દરમિયાનગીરી કરી હતી અને એ પછી એર કેનેડાએ કહ્યું હતું કે રવિવાર સાંજ સુધી કામગીરી શરૂ કરી દેવાશે. પરંતુ કેનેડિયન યુનિયન ઓફ પબ્લિક એમ્પ્લોઈઝ નેશનલ પ્રેસીડેન્ટ માર્ક હેન્કોકે કહ્યું હતું કે અમારા સભ્યો કામ પર નહિ જાય. આખી પ્રક્રિયા જ ખોટી છે અને આ આદેશ ગેરબંધારણીય છે. એર કેનેડાએ અમારી સાથે વાતચીત કરવાનો ઈનકાર કર્યો છે અને તે કોઇ શરત સ્વીકારવા તૈયાર નથી. જોકે આ મામલે સરકાર અને કંપનીનો તત્કાળ પ્રતિસાદ જાણી શકાયો નહતો. અગાઉ એર કેનેડાએ કહ્યું હતું કે પહેલી ફ્લાઈટ દિવસના અંતમાં ફરી શરૂ થશે પરંતુ તેની કામગીરી સામાન્ય થવામાં ઘણા દિવસો લાગશે. શેડ્યૂલ સ્થિર ન થાય ત્યાં સુધી આગામી સાતથી ૧૦ દિવસમાં કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવશે. કામદારોએ હડતાળ પાડ્યાના માત્ર ૧૨ કલાકની અંદર જ ફેડરેલ જોબ્સ મિનિસ્ટર પેટ્ટી હાજ્દૂએ ૧૦,૦૦૦ જેટલા ફ્લાઈટ એટેન્ડેન્ટ્સને કામ પર પાછા ફરવાનો આદેશ કર્યો હતો અને કહ્યું હતું કે હાલમાં અર્થતંત્ર સાથે જોખમ લેવાનો સમય નથી.

# ઉંઝા સ્ટેશન પર અજમેર-મૈસુર એક્સપ્રેસ અને લાલગઢ-દાદર રાણકપુર એક્સપ્રેસ ટ્રેનોના સ્ટોપેજનો શુભારંભ

## આ ટ્રેનોના સ્ટોપેજથી ઊંઝાને મળ્યો દેશના મુખ્ય શહેરો સાથે સીધો રેલ સંપર્ક

માનનીય સાંસદ અને માનનીય ધારાસભ્યએ રેલવે અધિકારીઓ સાથે બ્રિજ સંખ્યા ૯૩૪, ૯૩૫ અને અંડરપાસ સંખ્યા ૯૩૪ છ નું કર્યું નિરીક્ષણ આજે ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ ના રોજ ઊંઝા રેલવે સ્ટેશન પર ટ્રેન સંખ્યા ૧૬૨૦૯/૧૬૨૧૦ અજમેર-મૈસુર દ્વિ-સાપ્તાહિક એક્સપ્રેસ અને ટ્રેન સંખ્યા ૧૪૭૦૭/૧૪૭૦૮ લાલગઢ-દાદર રાણકપુર ડેઈલી એક્સપ્રેસના સ્ટોપેજનો શુભારંભ માનનીય સાંસદ (લોકસભા) શ્રીહરિભાઈ પટેલ અને માનનીય સાંસદ (રાજ્યસભા) શ્રી મયંક નાયક દ્વારા લીલી ઝંડી બતાવીને કરવામાં આવ્યું આ પ્રસંગે માનનીય ધારાસભ્ય ઊંઝા શ્રી કિરીટકુમાર પટેલ, માનનીય ધારાસભ્ય મહેસાણા શ્રી મુકેશભાઈ પટેલ, માનનીય ધારાસભ્ય ખેરાલુ શ્રી સરદારભાઈ ચૌધરી, માનનીય ધારાસભ્ય કડી શ્રી રાજેન્દ્રભાઈ ચાવડા, માનનીય ધારાસભ્ય બેચરાજી શ્રી સુખાજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ-મહેસાણા , શ્રીમતી તૃષાબેન પટેલ , શ્રી ગિરીશ રાજગોર પ્રમુખ ગુજરાત નગર પાલિકા પરિષદ, નગરપાલિકા પ્રમુખ ઊંઝા શ્રીમતી જીજ્ઞાબેન પટેલ, શ્રી એસ.કે. પ્રજાપતિ કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ મહેસાણા, ડો. જૈસ્મીન જિલ્લા વિકાસ અધિકારી, મંડળ રેલ પ્રબંધક અમદાવાદ શ્રી વેદ પ્રકાશ, મંડળના અન્ય વરિષ્ઠ રેલ અધિકારીગણ તથા ઊંઝા ના પ્રતિષ્ઠિત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.ઊંઝા રેલ્વે સ્ટેશનને અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત આધુનિક રીતે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યું છે, જેનો અંદાજિત ખર્ચ રૂ.૩૦.૦૨ કરોડ છે. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્ટેશનની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને પેસેન્જર સુવિધાઓને સુધારવા માટે કામ કરવામાં આવી રહ્યું છે. તેમાં સર્ક્યુલેટિંગ એરિયાનો વિસ્તાર, પ્લેટફોર્મ પર નવા કવર્ડ શેડનું બાંધકામ,પ્લેટફોર્મની સપાટી, સ્વચ્છ અને વિકલાંગ મૈત્રીપૂર્ણ શૌચાલય બ્લોક્સ, સુરક્ષા માટે બાઉન્ડ્રી વોલનું નિર્માણ અને મુસાફરોની સુવિધા માટે ૬ મીટર પહોળો અને ૮૬ મીટર લાંબો ફુટ ઓવર બ્રિજ (એફઓબી) નું નિર્માણ સામેલ છે.ઊંઝાથી પહેલી વાર બેંગલુરુ લગભગ ૧૭૪૦ કિમી અને મૈસુર લગભગ ૧૮૮૦ કિમી ની સીધી રેલ કનેક્ટિવિટી થઇ જશે. ઊંઝા સ્ટેશન પર અત્યાર સુધી ૨૬ટ્રેનો ઉભી રહે છે જે વધીને ૩૦ થશે. આ બે ટ્રેનોના સ્ટોપેજ થી, ઊંઝા અને આસપાસના મુસાફરોને દેશના પ્રમુખ શહેરો અજમેર, જયપુર, અમદાવાદ, પુણે, બેંગલુરુ, મૈસુર, દાદર અને લાલગઢથી સીધી અને સુવિધાજનક રેલ કનેક્ટિવિટી મળશે. ઊંઝાથી હવે અજમેર, મૈસુર, મુંબઈ જેવા મુખ્ય શહેરો સાથે સીધી રેલ કનેક્ટિવિટી સ્થાપિત થશે. આનાથી ન માત્ર વ્યવસાયિક મુસાફરી સુવિધાજનક બનશે પરંતુ યાત્રાધામ અને ધાર્મિક પર્યટનને પણ પ્રોત્સાહન મળશે. અજમેર શરીફ, મૈસુરના મંદિરો અને મુંબઈના ધાર્મિક સ્થળો હવે ઊંઝાના નાગરિકો માટે સુલભ બનશે.ઊંઝા સ્ટેશન પર આ નવી ટ્રેનોના સ્ટોપેજનો નિર્ણય સ્થાનિક નાગરિકો માટે અત્યંત લાભકારી સાબિત થશે. આ નિર્ણયથી ન માત્ર મુસાફરોની સુવિધામાં વધારો થશે પરંતુ આ ક્ષેત્રના સામાજિક, આર્થિક અને વ્યવસાયિક વિકાસને પણ વેગ મળશે. હવે ઊંઝા અને આસપાસના વિસ્તારોના મુસાફરોને લાંબા અંતરની મુસાફરી માટે અમદાવાદ, મહેસાણા કે અન્ય મોટા સ્ટેશનો પર જવું પડશે નહીં. આનાથી મુસાફરીમાં લાગતો વધારાનો સમય બચશે અને પરિવહન પર થતો ખર્ચ પણ ઘટશે. ખાસ કરીને વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે આ એક બહુજ મોટી સુવિધા હશે. ઊંઝા એક પ્રમુખ કૃષિ કેન્દ્ર છે, જ્યાં મસાલા મંડી અને અન્ય કૃષિ ઉત્પાદનો માટેનું વિશાળ બજાર છે. ટ્રેનના સ્ટોપેજને કારણે નાના વેપારીઓ અને ખેડૂતો તેમના માલની હેરફેર કરી શકશે અને વ્યાપારિક પ્રવૃતિઓ સરળતાથી કરી શકશે. આનાથી સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે અને બજારની પહોંચ અન્ય રાજ્યો અને શહેરો સુધી થઈ શકશે. ઘણા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અથવા કોચિંગ માટે મોટા શહેરોની મુસાફરી કરે છે. ટ્રેનના સ્ટોપેજ તેમને સુલભ, સુરક્ષિત અને સસ્તી મુસાફરીના વિકલ્પો મળશે, જેનાથી તેમના શૈક્ષણિક વ્યવસાયોને પ્રોત્સાહન મળશે .

ઊંઝા સ્ટેશન પર ટ્રેનોના સ્ટોપેજની આ સુવિધા માત્ર એક પરિવહન સુવિધા નથી પરંતુ આ પ્રદેશના સર્વાંગી વિકાસ તરફ એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. તે સ્થાનિક જનતા માટે ગર્વ અને સંતોષની વાત છે, જે આગામી વર્ષોમાં આ નિર્ણયના દૂરગામી ફાયદાઓનો અનુભવ કરશે.




ઊંઝાને મળ્યો દેશના મુખ્ય શહેરો સાથે સીધો રેલ સંપર્ક

માનનીય સાંસદ શ્રી હરિભાઈ પટેલ અને માનનીય ધારાસભ્ય શ્રી કિરીટકુમાર પટેલ સાથે મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ અને રેલવે અધિકારીઓએ બ્રિજ સંખ્યા ૯૩૪, ૯૩૫ અને અંડરપાસ નંબર ૯૩૪ છનું નિરીક્ષણ કર્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન વર્તમાન સ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને જરૂરી સુધારાત્મક પગલાંઓ પર વિચાર કરવામાં આવ્યો હતો.ટ્રેન સંખ્યા ૧૪૭૦૮/૧૪૭૦૭ દાદર-લાલગઢ રાણકપુર એક્સપ્રેસ અને ટ્રેન સંખ્યા ૧૬૨૦૯/૧૬૨૧૦ અજમેર-મૈસૂર એક્સપ્રેસને ઊંઝા સ્ટેશન પર વધારાના સ્ટોપેજની વિગતો નીચે મુજબ છેઃ-૧. ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૫ થી દાદરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૪૭૦૮ દાદર-લાલગઢ રાણકપુર એક્સપ્રેસને ઉંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ૨૩.૫૧ વાગ્યેઊંઝા સ્ટેશને પહોંચશે અને ૨૩.૫૩ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે, ૧૭મી ઓગસ્ટ, ૨૦૨૫થી લાલગઢથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૪૭૦૭ લાલગઢ-દાદર રાણકપુર એક્સપ્રેસને પણ ઊંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ૨૦.૧૫ વાગ્યે ઊંઝા સ્ટેશને પહોંચશે અને ૨૦.૧૭ વાગ્યે ઉપડશે.૨. ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫થી અજમેરથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૬૨૦૯ અજમેર-મૈસુર એક્સપ્રેસને ઊંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ૧૨.૦૨ વાગ્યે ઊંઝા સ્ટેશન પહોંચશે અને ૧૨.૦૪ વાગ્યે ઉપડશે. તેવી જ રીતે ૧૯ ઓગસ્ટ, ૨૦૨૫ થી મૈસુરથી ઉપડતી ટ્રેન સંખ્યા ૧૬૨૧૦ મૈસૂર-અજમેર એક્સપ્રેસને ઊંઝા સ્ટેશન પર વધારાનું સ્ટોપેજ આપવામાં આવ્યું છે. આ ટ્રેન ઊંઝા સ્ટેશને ૦૭.૧૦ વાગ્યે પહોંચશે અને ૦૭.૧૨ વાગ્યે ઉપડશે.ટ્રેનો અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને WWW.ENQUIRY.INDIANRAIL.GOV.IN પર જઈને અવલોકન કરી શકે છે

### ઝેલેન્સ્કીને યુદ્ધ બંધ કરવું હોય તો કરે, નાટોમાં પ્રવેશ નહીં મળેઃ ડોનાલ્ડ ટ્રમ્પ

# ડોનાલ્ડ ટ્રમ્પ અને ઝેલેન્સ્કી રશિયા સાથે યુદ્ધવિરામ માટે ત્રિપક્ષીય મંત્રણા કરશે

**પ્રથમ મુલાકાત દરમિયાન ઝેલેન્સ્કીને ટ્રમ્પે રીતસરના તતડાવી નાખ્યા હતા અને આ અપમાનનું લાઈવ પ્રસારણ કરોડો લોકોએ જોયુ હતું**



વોશિંગ્ટન,

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે યુક્રેનના પ્રેસિડેન્ટ વ્લોદિમિર ઝેલેન્સ્કી સાથે વ્હાઈટ હાઉસ ખાતે મહત્વની બેઠક યોજી હતી. આ બેઠકમાં રશિયા સાથે યુદ્ધવિરામ માટે ટ્રમ્પે આશાવાદ વ્યક્ત કર્યો છે. ટ્રમ્પ અને ઝેલેન્સ્કી તથા યુરોપના અન્ય નેતાઓની હાજરીમાં મળેલી બેઠક સફળ રહેતા હવે યુએસ, રશિયા અને યુક્રેન ટૂંક સમયમાં ત્રિપક્ષીય મંત્રણા યોજી શકે છે. અગાઉ શુક્રવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના સમકક્ષ વ્લાદિમિર પુતિન વચ્ચે અલાસ્કામાં બેઠક યોજાઈ હતી.ટ્રમ્પે ત્યારબાદ તાત્કાલિક સોમવારે ઝેલેન્સ્કી તથા યુરોપના નેતાઓને ચર્ચા માટે બોલાવ્યા હતા. ટ્રમ્પ સાથેની હાઈ પ્રોફાઈલ મીટિંગમાં ઝેલેન્સ્કીએ ફુલ સૂટ અને ટાઈ પહેરવાને બદલે કાળા જેકેટમાં પહેરવાનું મુનાસિબ માન્યું હતું.અમેરિકા સહિતના દેશોના જોરે રશિયા સામે છેલ્લાં આશરે સાડા ત્રણ વર્ષથી રશિયા સામે લડી રહેલું યુક્રેન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદનને પગલે કફોડી સ્થિતિમાં મુકાયું છે. ટ્રમ્પ સાથેની બેઠક બાદ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુદ્ધને સમાપ્ત કરવા માટે ત્રિપક્ષીય ચર્ચાનો સંકેત સકારાત્મક છે. અમે આના માટા તૈયાર છીએ. ટ્રમ્પે પહેલા ઝેલેન્કસી સાથે એકલા વાતચીત કરી અને બાદમાં બંને નેતાઓ યુરોપીયન કમિશનના અધ્યક્ષ ઉરુસલા વોન ડેર લેયેન, ફ્રાન્સના ઈમેન્યુઅલ મેક્રોન, બ્રિટનના પીએમ કેઈર સ્ટાર્મર, જર્મનીના ચાન્સેલર ફેડરિચ મર્ઝ, ઈટાલીના જ્યોર્જિયા મેલોની, ફિનલેન્ડના રાષ્ટ્રપતિ એલેકઝાન્ડર સ્ટબ અને નાટોના મહાસચિવ માર્ક રૂટે સાથે બેઠક યોજી હતી. ટ્રમ્પ અને ઝેલેન્સ્કી તથા યુરોપના અન્ય નેતાઓની હાજરીમાં મળેલી બેઠક સફળ રહેતા હવે યુએસ, રશિયા અને યુક્રેન ટૂંક સમયમાં ત્રિપક્ષીય મંત્રણા યોજી શકે છે. અગાઉ શુક્રવારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના સમકક્ષ વ્લાદિમિર પુતિન વચ્ચે અલાસ્કામાં બેઠક યોજાઈ હતી.સૂત્રોના મતે રશિયાએ ટ્રમ્પ સાથેની તાજેતરની બેઠકમાં યુક્રેનની મોટાભાગની જમીનની માગણી કરી હતી. ટ્રમ્પ સાથેની હાઈ પ્રોફાઈલ મીટિંગમાં ઝેલેન્સ્કીએ ફુલ સૂટ અને ટાઈ પહેરવાને બદલે કાળા જેકેટમાં પહેરવાનું મુનાસિબ માન્યું હતું.અમેરિકા સહિતના દેશોના જોરે રશિયા સામે છેલ્લાં આશરે સાડા ત્રણ વર્ષથી રશિયા સામે લડી રહેલું યુક્રેન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદનને પગલે કફોડી સ્થિતિમાં મુકાયું છે. ટ્રમ્પ સાથેની હાઈ પ્રોફાઈલ મીટિંગમાં ઝેલેન્સ્કીએ ફુલ સૂટ અને ટાઈ પહેરવાને બદલે કાળા જેકેટમાં પહેરવાનું મુનાસિબ માન્યું હતું.અમેરિકા સહિતના દેશોના જોરે રશિયા સામે છેલ્લાં આશરે સાડા ત્રણ વર્ષથી રશિયા સામે લડી રહેલું યુક્રેન અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદનને પગલે કફોડી સ્થિતિમાં મુકાયું છે. ટ્રમ્પ સાથેની બેઠક બાદ ઝેલેન્સ્કીએ જણાવ્યું હતું કે, યુદ્ધને સમાપ્ત કરવા માટે ત્રિપક્ષીય ચર્ચાનો સંકેત સકારાત્મક છે. અમે આના માટા તૈયાર છીએ.રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને હથિયારો સહિતની મદદ પૂરી પાડનાર અમેરિકાએ હવે યુક્રેનના નાટોમાં સમાવેશની શક્યતાને નકારી કાઢી છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, યુક્રેનના રાષ્ટ્રપતિ ઈચ્છે તો તેઓ આ યુદ્ધનો અંત લાવી શકે છે, પરંતુ શાંતિ કરાર અંતર્ગત યુક્રેનને નાટોમાં પ્રવેશ નહીં મળે. એટલું જ નહીં ટ્રમ્પે એમ પણ જણાવ્યું હતું કે, રશિયાએ ૨૦૧૪માં ગેરકાયદે રીતે પચાવી પાડેલો ક્રિમીયાનો પ્રદેશ પણ યુક્રેનને પરત નહીં મળે.

### મુંબઈમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ યથાવત

# મુંબઈ, થાણે, રાયગઢ અને પાલઘરમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ




મુંબઈ,

મુંબઈમાં રવિવારે સતત બીજા દિવસે મેઘરાજાની ધમાકેદાર બેટિંગ યાથવત્ રહી હતી. હવામાન વિભાગ (આઈએમડી) દ્વારા રાજયમાં અપાયેલા ઓરેન્જ એલર્ટ વચ્ચે મુંબઈ શહેર ઉપરાંત અન્ય સ્થળોએ ભારે વરસાદ નોંધાયો હતો. કેટલાક સ્થળોએ શોર્ટ સર્કિટના બનાવ બન્યા હતા તથા ઝાડ તૂટી પડવાની સંખ્યામાં પણ વધારો થયો હતો. બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ મુંબઈમાં ૧૯ જેટલા ઝાડ તથા ડાળીઓ તૂટવાની ફરિયાદો મળી હતી. સદનસીબે આ બનાવોમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ નહતી. મુંબઈ શહેરમાં સરેરાશ ૨૩.૮૧ એમએમ, પરા વિસ્તાર પૈકી પૂર્વમાં ૨૫.૦૧ એમ એમ અને પશ્ચિમમાં ૧૮.૪૭ એમએમ વરસાદ પડ્યો હતો. કેટલાક સ્થળોએ ૪૦-૪૫ મીમી વરસાદ નોંધાયો હતો. આગલી રાત્રે પડેલા ધોધમાર વરસાદની તુલનાએ રવિવારે તિવ્રતા ઓછી થઈ હતી. મુંબઈની જીવાદોરી ગણાતી લોકલ ટ્રેન થોડી વિલંબથી દોડી રહી હતી. સત્તાવાળાઓએ સેન્ટ્રલ રેલવે લાઈન પર ટ્રેનનાં વિલંબ પાછળ કોઈ ચોક્કસ કારણ જણાવ્યું નહતું. હવામાન વિભાગ દ્વારા મુંબઈ તથા આસપાસના સ્થળો માટે વરસાદનું ઓરેન્જ એલર્ટ જારી કરાયું છે. મુંબઈ શહેર ઉપરાંત થાણે, રાયગઢ અને પાલઘર જિલ્લામાં આગામી સમયમાં અતિભારે વરસાદ પડવાની સંભાવના છે. પવનની ઝડપ દિવસે ૪૦-૫૦ કિમી પ્રતિ કલાક રહેશે અને રાત્રે વધીને ૬૦ કીમી થવાનો અંદાજ છે. બૃહદમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના જણાવ્યા મુજબ મુંબઈમાં ૧૯ જેટલા ઝાડ તથા ડાળીઓ તૂટવાની ફરિયાદો મળી હતી. સદનસીબે આ બનાવોમાં કોઈને ઈજા કે જાનહાનિ થઈ નહતી. મુંબઈ શહેરમાં સરેરાશ ૨૩.૮૧ એમએમ, પરા વિસ્તાર પૈકી પૂર્વમાં ૨૫.૦૧ એમ એમ અને પશ્ચિમમાં ૧૮.૪૭ એમએમ વરસાદ પડ્યો હતો. કેટલાક સ્થળોએ ૪૦-૪૫ મીમી વરસાદ નોંધાયો હતો. આગલી રાત્રે પડેલા ધોધમાર વરસાદની તુલનાએ રવિવારે તિવ્રતા ઓછી થઈ હતી. મુંબઈની જીવાદોરી ગણાતી લોકલ ટ્રેન થોડી વિલંબથી દોડી રહી હતી. શનિવારે મુંબઈમાં પડેલા ભારે વરસાદને લીધે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા સર્જાઈ હતી. વિખરોલી પાર્કસાઈટ ખાતે ભૂસ્ખલન થવાથી બે લોકોનાં મોત થયા હતા જ્યારે અનેક ઘાયલ થયા હતા. મધ્ય અને પશ્ચિમ રેલવેની સંખ્યાબંધ લાઈન પર પાણી ફરી વળતા ટ્રેન સેવા પણ પ્રભાવિત થઈ હતી. આગામી બેથી ત્રણ દિવસ મેઘરાજા મુંબઈ અને તેની નજીકના ક્ષેત્રોને ઘમરોળવાનું યથાવત રાખશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

# ગેરકાયદેસર ભોંયરાઓનો રાફડો: મ્યુનિસિપલ કોર્પોરેશનની આંખ આડા કાન




વડોદરા:

શહેરના મુખ્ય વેપારી કેન્દ્ર એવા ખંડેરાવ માર્કેટમાં ગેરકાયદેસર બાંધકામોનો રાફડો ફાટ્યો છે. અહીં આવેલી અનેક દુકાનોની નીચે ગેરકાયદેસર ભોંયરાઓ બનાવીને તેનો ઉપયોગ ગોડાઉન તરીકે કરવામાં આવી રહ્યો છે. આશ્ચર્યની વાત એ છે કે, મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય કચેરીથી થોડા જ અંતરે આ ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી છે, તેમ છતાં અધિકારીઓ આંખ આડા કાન કરી રહ્યા છે.

**ચોક્કસ જાણકારી છતાં કોઈ પગલાં નહીં**

સ્થાનિક વેપારીઓ અને રહેવાસીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં, કોર્પોરેશનના અધિકારીઓ કોઈ કાર્યવાહી કરતા નથી. એવું લાગી રહ્યું છે કે, આ કામગીરીમાં જાણી જોઈને અવરોધો ઊભા કરવામાં આવી રહ્યા છે. આ ગેરકાયદેસર બાંધકામોથી માત્ર મિલકત વેરાની ચોરી જ નથી થતી, પરંતુ આગ કે અન્ય કોઈ દુર્ઘટના બને તો મોટી જાનહાનિ થવાનો ભય પણ રહે છે. આ ભોંયરાઓમાં વેપારીઓ દ્વારા મોટી માત્રામાં જ્વલનશીલ ચીજવસ્તુઓનો સંગ્રહ પણ થતો હોવાની શક્યતા છે.

**રાજકીય કે વહીવટી સાંઠગાંઠ?**

આ ગેરકાયદેસર પ્રવૃત્તિ પાછળ રાજકીય કે વહીવટી સાંઠગાંઠ હોવાની શંકા સેવાઈ રહી છે. સવાલ એ છે કે, કાયદાનો અમલ કરાવવાની જવાબદારી જેની છે, તે જ તંત્ર આ ગેરકાયદેસર કામગીરી સામે ચૂપ કેમ છે? શું આ અધિકારીઓ પર કોઈ દબાણ છે કે પછી ભ્રષ્ટાચારના કારણે કાર્યવાહી ટાળવામાં આવી રહી છે? વડોદરાના નાગરિકોની સલામતી અને કાયદાનું પાલન સુનિશ્ચિત કરવા માટે આ મામલે ઉચ્ચ સ્તરીય તપાસ થવી જોઈએ. આ અંગે વહેલી તકે પગલાં લેવામાં ન આવે તો નાગરિકોમાં તંત્ર સામે રોષ વધી શકે છે.

# યુવાનોએ કેન્દ્રબિંદુમાં દેશભક્તિ અને માનવતા રાખીને આગળ વધવું જોઈએ રાજ જગતસિંહ



૧૫ મી ઓગસ્ટ નું સેલિબ્રેશન કરતા યુવાનોને પ્રેરણાદાયી સંદેશ આપ્યો હતો તેમને જણાવ્યું હતું યુવાનો અત્યારે કન્ફ્યુઝ છે કે તેમને કઈ દિશામાં અને કઈ રીતે આગળ વધવું આ પ્રશ્નાર્થ અને કેન્દ્રબિંદુમાં રાખી તેમણે વાત કરી હતી યુવાનોએ માનવતા અને દેશ પ્રેમ સાથે કોઈપણ કાર્ય કરે તો એમાં કાંઈ ખોટું નથી અને યુવાનોએ કર્યા વગર પોતાની લાઈફને આગળ વધારવી જોઈએ અને કોઈ પણ પરિબળો પ્રોબ્લેમ જીવનમાં આવે તો એમાં નાસીપાસ નહીં થઈ અને આગળ વધવું જોઈએ જ્યારે પણ તેમના સુસાઈડ કે એવો કોઈ વિચાર આવે ત્યારે દેશ માટે આપણે શું કરીએ છીએ કે યુવાનો માટે આપણે શું કરી શકીએ તે તેમને વિચારવું જોઈએ અને પોતાનું જીવન આગળ વધારો જોઈએ

આપને જણાવી દઈએ કે રાજ જગતસિંહ પોતે એક પોતે એક લેખક અને કવિ જે અને સોશિયલ વર્ક પણ કરે છે તેઓએ લખેલું હમે પ્યારે વતન સે સોંગ બોલીવુડના મસૂર સિંગર અમિત મિશ્રાએ ગાયું છે તથા ભારતના દિલમાં હું વસ્તુ ગુજરાતી તેમનું સોંગ યોગીતા પટેલ એ ગાયું છે હમે પ્યારે વતન સે સોંગ તેમનું દેશમાં ખૂબ જ ફેમસ થયું હતું તેઓએ પર્યાવરણ ઉપર પણ કવિતાઓ લખી છે જેને ગુજરાતના સીએમ પણ વખાણી ચૂક્યા છે અને વડાપ્રધાન પણ તેમને વખાણી ચૂક્યા છે બીજા ઘણા બધા મહાપુરુષોએ તેમની પર્યાવરણની કવિતાઓ ઉપર લેટર આપ્યા છે રાજભાઈ એના આ વર્ષે ત્રણ સોંગ લોન્ચ થવાના છે રાજ જગતસિંહ એ કે એ યુવાન કે જે બાર વર્ષ પહેલા સુસાઈડ કરવાનો હતો તેણે એ રસ્તો ન અપનાવી અને પોતાના જીવનને એક નવી દિશા આપી અત્યારે આગળ વધી રહ્યો છે

## ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ (પોક્સો) ચુકાદો

# વડોદરામાં સગીરા પર બળાત્કાર ગુજારનાર યુવાનને ૨૦ વર્ષની કેદ



વડોદરા,

નાની વયની બાળાઓને પ્રેમજાળમાં ફસાવી જાતિય સબંધ બાંધી તે રીતે ભોગ બનનારનું જાતિય શોષણ કરવામાં આવતુ હોવાના કિસ્સાઓનું પ્રમાણ વધી રહ્યુ છે. સજામાં સંદેશો પહોંચે અને દાખલો બેસે તે હેતુ સારૂ વડોદરામાં સગીર યુવતી પર બળાત્કાર ગુજરનાર વીસ વર્ષના .યુવાનને અદાલતે વીસ વર્ષની સખ્ત કેદનો ચુકાદો આપ્યો છે. ૧૭વર્ષ અને ચાર માસની ભોગ બનનાર યુવતીને પસાચ હજાર વળતર તરીકે ચુકવવા માટે પણ અદાલતે આદેશ આપ્યો છે. તેમાં પણ અગાઉ કોઈ વળતર ચુકવવામાં આવેલ હોય તો આ રકમ તેમાંથી બાદ ન કરવાનો ખાસ ઉલ્લેખ કરાયો છે.વડોદરાના સિટી પોલીસ મથકમાં ૨૦૨૧ના એપ્રિલ મહિનામાં એક મહિલાએ તેની પૌત્રી સાથે બનેલી ઘટનાના મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમાં જણાવ્યા અનુસાર એપ્રિલ મહિનાની તારીખ ૮મીએ સાડા ચાર વાગે તેમની પૌત્રી ઘરમાંથી કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. જે પરત ઘરે આવી ન હતી. આ અગાઉ પણ સગીર વયની પૌત્રી બે ત્રણ વાર ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગઈ હતી, પરંતુ તે પરત આવી જતી હતી. જેથી તેના નાનીએ પોલીસ ફરિયાદ તાત્કાલીક કરી ન હતી. ૧૭ વર્ષ અને ચાર માસની ભોગ બનનાર યુવતીને પચાસ હજાર વળતર તરીકે ચુકવવા માટે પણ અદાલતે આદેશ આપ્યો તારીખ ૧૨મી એપ્રિલના રોજ આ મામલે તેઓએ પોલીસ ફરિયાદ કરતાં પોલીસે ગુનો દાખલ કરીને તપાસ કરતાં અજય અલ્પેશભાઈ તડવી નામના વીસ વર્ષના યુવાનની તારીખ ૧૫મી એપ્રિલના રોજ ધરપકડ કરી હતી.આ ઘટનામાં સગીર વયની યુવતીને લગ્નનું લાલચ આપીને અજય તડવીએ તેનું અપહરણ કરીને ભગાડી લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ તેના પર અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. ફાસ્ટ ટ્રેક સ્પેશીયલ કોર્ટ (પોક્સો)માં અધિક સત્ર ન્યાયાધીશ શકુન્તલાબેન સોલંકી સમક્ષ આ મામલે કેસ ચાલી જતાં અદાલતે વડોદરાના બેન્ક રોડ પર આવેલી જગમાલની પોળમાં ભક્તિકુંજ વાડીમાં રહેતા અજય અલ્પેશ તડવી (મૂળ રહે. આનંદપુરી ગામ, નસવાડી, જી. છોટાઉદેપુર)ને તકસીરવાન ઠેરવીને તેને વીસ વર્ષની સખ્ત કેદની સજા તથા પચાસ હજારનો દંડ ફટકાર્યો હતો.

## PM આવાસ યોજનામાં મોટો ભ્રષ્ટાચાર

# વડોદરામાં પીએમ આવાસ યોજનાના કામમાં ભ્રષ્ટાચાર સામે આવ્યો




વડોદરા,

ગરીબોને ઘરનું ઘર મળી રહે તે માટે સરકાર આવાસ યોજના લાવે છે. પરંતુ લેભાગૂ કોન્ટ્રાક્ટરો કામમાં વેઠ વાળે છે અને પૈસા ખાઈ જાય છે. આવો જ કિસ્સો વડોદરાથી સામે આવ્યો છે. જ્યાં PM આવાસ યોજનાના લાભાર્થીઓ પરેશાન થઈ ગયા છે. ચાર વર્ષ પહેલા જ જે આવાસ લાભાર્થીઓને સોંપવામાં આવ્યા તેની હાલત ખરાબ છે. આવાસ અસુવિધાઓનું સરનામું બની ગયા છે. ટેન્ડર પ્રમાણે કામ ન કરીને કરોડોનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો આરોપ લાગી રહ્યો છે. કોણે આવાસ યોજનાના કામમાં વાળી છે વેઠ અને ક્યારે લેવાશે તેની સામે પગલાં, ઘરની ગુણવત્તાને લઈને સવાલ ઉઠી રહ્યાં છે કોન્ટ્રાક્ટરે ટેન્ડરમાં આપેલી જાહેરાત પ્રમાણે કામ કર્યુ નથી વડોદરાના હરણીમાં TP ૧, FP ૧૩૮માં બનેલા પ્રધાનમંત્રી આવાસની. જ્યાં ઘર મળતા લાભાર્થીઓ ખુશ હતા. પરંતુ તેમની આ ખુશી વધારે ન ટકી. મકાન મળ્યાની સાથે જ મુશ્કેલીઓની શરૂઆત થઈ ગઈ. ક્યાંકથી પાણી ટપકે છે તો ક્યાંક ગટર ઉભરાય છે. એટલું જ નહીં ટેન્ડર પ્રમાણે આવાસ યોજનામાં જે સુવિધાઓ આપવાની હતી. તે આપવામાં આવી નથી.આવાસ યોજના અસુવિધાઓનું સરનામું બની ગઈ હોય એવી સ્થિતિ છે. DPR પ્રમાણેની ૧૦થી વધુ મુખ્ય કામગીરી અધુરી છે. ટેન્ડર પ્રમાણે કામ ન કરીને કરોડોનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો આરોપ લાગી રહ્યો છે. કોણે આવાસ યોજનાના કામમાં વાળી છે વેઠ અને ક્યારે લેવાશે તેની સામે પગલાં, ઘરની ગુણવત્તાને લઈને સવાલ ઉઠી રહ્યાં છે કોન્ટ્રાક્ટરે ટેન્ડરમાં આપેલી જાહેરાત પ્રમાણે કામ કર્યુ નથી વડોદરાના હરણીમાં TP ૧, FP ૧૩૮માં બનેલા પ્રધાનમંત્રી આવાસની. જ્યાં ઘર મળતા લાભાર્થીઓ ખુશ હતા. પરંતુ તેમની આ ખુશી વધારે ન ટકી. મકાન મળ્યાની સાથે જ મુશ્કેલીઓની શરૂઆત થઈ ગઈ.રસોડામાં ગ્રેનાઈટના બદલે કોટા સ્ટોન નાખવામાં આવ્યા તો દાદર પરના પથ્થર જ નથી નાખવામાં આવ્યા. ગેસ કનેક્શન માટે તો સ્થાનિકોએ જાતે ખર્ચ કરવો પડ્યા. આ બધાનો સરવાળો કરીએ તો લગભગ ચાર કરોડ જેટલું કૌભાંડ આચરવામાં આવ્યું છે.પારાવાર સમસ્યાઓથી પરેશાન સ્થાનિકોએ પ્રધાનમંત્રી કાર્યાલય સુધી ફરિયાદ કરી છે. તો વિપક્ષે કૌભાંડની તપાસની માંગ કરી છે. મોટી વાત એ છે કે, જ્યારે ઝી મીડિયાની ટીમે તંત્રને આ વિશે પુછ્યું તો તેમણે એ જ જૂનો તપાસ કરીશુંનો રાગ આલાપ્યો..

તંત્રએ તો ફરી એકવાર વચન આપી દીધું પરંતુ એ તેમને યાદ રહે એ જરૂરી છે.

ગરીબો સાથે આવાસના નામે મજાક કરનાર કોન્ટ્રાક્ટર સામે કાર્યવાહી જરૂરી છે અને આમાં જો કોઈ અધિકારીની સંડોવણી હોય તો તેને દાખલારૂપ સજા કરવી પણ જરૂરી છે. તો જ તેમને સબક મળશે અને ભવિષ્યમાં ભ્રષ્ટાચાર કરતા ચાર વાર વિચારશે

## ઘટના બાદ મંદિર પરિસરમાં આવેલી જોખમી રાઈડને સ્થગિત કરાઈ

# બીલીમોરા: મેળામાં ચકડોળ તૂટતાં બે બાળક સહિત ૫ ઘાયલ



સુરત,

નવસારીના બીલીમોરાના સોમનાથ મહાદેવ મંદિરે ભરાયેલા મેળામાં શ્રાવણના અંતિમ સોમવારની પૂર્વરાત્રિએ ખુબ મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ દરમિયાન અચાનક જ એક 50 ફૂટ ઊંચા ટાવર રાઈડ(ચકડોળ) તૂટી પડતાં રાઈડમાં સવાર અંદાજે 10માંથી બે બાળકો સહીત 5 લોકોને ગંભીર ઈજા પહોંચી હતી. તમામને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ પૈકી રાઈડ ઓપરેટરની હાલત વધુ ગંભીર હોવાના કારણે તેને સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.નવસારી જિલ્લાના બીલીમોરામાં ખૂબ જાણીતા સોમનાથ મહાદેવ મંદિર પરિસરમાં સમગ્ર શ્રાવણ મહિના દરમિયાન મેળો ભરાય છે. મંદિર પરિસરની જગ્યામાં ચકડોળ સહિતની વિવિધ રાઈડ્સ પણ લગાવવામાં આવી છે. ભગવાન સોમનાથનાં દર્શને આવતા લાખો શ્રદ્ધાળુઓ આ મેળામાં ફરીને મનોરંજન માણે છે, ત્યારે ગત મોડી રાત્રિએ 10થી 11 વાગ્યાની આજુબાજુ અંદાજે 50 ફૂટ ઊંચા ટાવર સમાન લોખંડના પિલર પર ઉપર નીચે થતી એડવેન્ચર રાઈડ, જેને ટાવર રાઈડ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ રાઈડ ઉપર ગયા પછી નીચે ઊતરતાં રાઈડનો કેબલ તૂટી જતાં ધડાકાભેર નીચે પટકાતાં અફરાતફરી મચી ગઈ હતી. આ અકસ્માતમાં રાઈડમાં અંદાજે 10થી વધુ લોકો મજા માણી રહ્યા હતા. તેઓ ધડામ કરીને નીચે પટકાતાં તમામને નાની-મોટી ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોમાં બે મહિલા, બે બાળકો અને રાઈડ ઓપરેટર ગંભીર રીતે ઘવાતાં તેમને તાત્કાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. ઈજાગ્રસ્તોમાં કમરમાં વધુ માર વાગતાં જશ રાજીવ ટંડેલ (ઉં.વ.14), દીર્ઘ હેમંત ટંડેલ (ઉં.વ.14), રોશની વિકાસ પટેલ (ઉં.વ.30) અને દિશા રાકેશ પટેલ (ઉં.વ.21)ને બીલીમોરાની હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. રાઈડ ઓપરેટર બકીરને કમર તેમજ માથામાં પણ ગંભીર ઈજા હોવાથી સુરતની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. બીજી તરફ ઘટનાની જાણ થતાં જ બીલીમોરા ફાયર બ્રિગેડના જવાનો અને બીલીમોરા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આ મામલે સોમનાથ ટ્રસ્ટ દ્વારા જણાવાયું હતું કે, તેમના દ્વારા માત્ર મેદાન ભાડે આપવામાં આવ્યું છે. રાઈડની ટેકનિકલ ચકાસણી કરવાની જવાબદારી સંબંધિત તંત્રની હતી. રાજ્ય સરકારની SOP પ્રમાણે નિયમોનું પાલન થયું છે કેમ? રાઈડ્સની યોગ્ય ચકાસણી કર્યા બાદ શરૂ કરવામાં આવી કે પછી નિયમ નેવે મૂકીને રાઈડ ચાલતી હતી એ તમામ મુદ્દે તપાસની માગણી કરવામાં આવી છે. મેળાની પરવાનગી શિવમ એજન્સી દ્વારા લેવામાં આવી હતી. સોમનાથ મંદિર ટ્રસ્ટે ખુલાસો કર્યો કે, “અમે માત્ર મેદાન ભાડે આપ્યું હતું”, મેળામાં સાત રાઈડનો કોન્ટ્રાક્ટ શિવમ એજન્સી પાસે હતો આ એજન્સીના પ્રોપ્રાઈટર વિરલ પીઠવા મૂળ સુરેન્દ્રનગરના રહેવાસી છે. શિવમ એજન્સીએ પ્રથમ વખત બીલીમોરા મેળામાં સાત અલગ-અલગ રાઈડ માટે પરવાનગી મેળવી હતી. અકસ્માતની ઘટના બાદ સોમનાથ મંદિર પરિસરમાં આવેલી તમામ જોખમી રાઈડને સ્થગિત કરી દેવામાં આવી છે. નવસારી જિલ્લા પોલીસે ઘટનાની તપાસ માટે FSL ટીમને બોલાવી છે. સુરત અને વલસાડથી FSL ટીમ તપાસ માટે આવશે. નવસારી મનોરંજન વિભાગ દ્વારા ટેક્નિકલ કમિટીની રચના કરવામાં આવી છે.

## ૨૦૦ કરોડના બ્રિજની પોલ ખુલી

# ડીસાના ૨૦૦ કરોડના બ્રિજ પરથી પોપડું સ્કૂલ વાન પર પડ્યું



બ્રિજ પરથી પોપડું પડતા ભ્રષ્ટાચારની શંકા

ડીસા,

ડીસામાં ૨૦૦ કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બનેલા એલિવેટેડ બ્રિજની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઉભા થયા છે. ગાયત્રી સર્કલ પાસેના આ બ્રિજ પરથી અચાનક એક મોટું પોપડું તૂટીને નીચે પડ્યું હતું. આ સમયે નીચેથી પસાર થઈ રહેલી એક સ્કૂલ વાન પર તે પડ્યું, જેના કારણે વાનના કાચ તૂટી ગયા હતા. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ આ ઘટનાએ શહેરીજનોમાં ભય અને રોષની લાગણી ફેલાવી છે આ ઘટનામાં વાનમાં સવાર એક વિદ્યાર્થીને માથામાં ગંભીર ઈજા થઈ હતી. સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી, પરંતુ આ ઘટનાએ શહેરીજનોમાં ભય અને રોષની લાગણી ફેલાવી છે.

આ ઘટનાએ ૨૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા બ્રિજની કામગીરી અને ગુણવત્તા પર ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. લોકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે, આટલા મોટા ખર્ચે બનેલા બ્રિજમાં આવી નબળી ગુણવત્તાનું બાંધકામ કેવી રીતે થયું? સ્થાનિક નાગરિકો અને રાજકીય આગેવાનોએ આ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરી છે. તેમનું કહેવું છે કે, જો આ ઘટના મોટી દુર્ઘટનામાં પરિણમી હોત તો કોણ જવાબદાર ગણાત? આ ઘટના બાદ બ્રિજ પરથી પસાર થતા અન્ય વાહનચાલકો અને રાહદારીઓમાં પણ ભયનો માહોલ છે.

આ ઘટના બાદ તાત્કાલિક ધોરણે બ્રિજની સુરક્ષા અને ગુણવત્તાની તપાસ કરવી અનિવાર્ય છે. અધિકારીઓએ આ મામલે ગંભીરતાથી પગલાં ભરવા જોઈએ અને આવા બનાવો ફરી ન બને તે માટે કડક કાર્યવાહી કરવી જોઈએ. ભવિષ્યમાં કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં, તંત્રએ તાત્કાલિક ધોરણે બ્રિજનું સમારકામ અને ગુણવત્તાનું નિરીક્ષણ કરવું જોઈએ. આ ઘટના માત્ર એક એલર્ટ નથી, પરંતુ ભવિષ્યમાં થનારી દુર્ઘટનાઓ અટકાવવા માટેનો એક મોકો પણ છે.

## સુરતમાં રેસ્ટોરન્ટના

# મહિલા વોશરૂમમાં ગુપ્ત રીતે વિડીયો રેકોર્ડિંગનું કાવતરું ઝડપાયું

સુરત,

સુરતના પોશ વિસ્તાર પિપલોદમાં આવેલી જાણીતી ચારકોલ રેસ્ટોરન્ટમાં ચોંકાવનારી ઘટના સામે આવી છે. રેસ્ટોરન્ટના મહિલા વોશરૂમના વેન્ટિલેશનની જાળી ઉપર ગુપ્ત રીતે એક મોબાઈલ ફોન મૂકીને રેકોર્ડિંગ કરતો સફાઈ કર્મચારી ઝડપાયો છે. સામાન્ય રીતે કોઈપણ વોશરૂમમાં આ પ્રકારની વસ્તુઓ ન હોવાથી તેને શંકા ગઈ. સાવચેતી દાખવીને મહિલાએ કમોડની સીટ પર ચડીને જોયું તો તે ચોંકી ગઈ. વેન્ટિલેશનની જાળી પર એક મોબાઈલ ફોન ગુપ્ત રીતે મૂકવામાં આવ્યો હતો અને એમાં વીડિયો રેકોર્ડિંગ ચાલુ હતું.ડીસીપી વિજયસિંહ ગુર્જરના જણાવ્યા પ્રમાણે, આરોપીના મોબાઈલમાં અનેક આપત્તિજનક વીડિયો અને ગૂગલ હિસ્ટ્રી સામે આવી છે. આ ઘટનાક્રમની શરૂઆત ત્યારે થઈ જ્યારે ચારકોલ રેસ્ટોરન્ટમાં આવેલી એક મહિલા ગ્રાહક મહિલા વોશરૂમનો ઉપયોગ કરવા ગઈ હતી. વોશરૂમમાં પ્રવેશતાં જ તેની નજર ઉપર રહેલી વેન્ટિલેશનની જાળી પર પડી. વેન્ટિલેશનની જાળી ઉપર મોબાઈલ મૂકી વિડીયો રેકોર્ડિંગ કરતો સફાઈકર્મી ઝડપાયો. સામાન્ય રીતે કોઈપણ વોશરૂમમાં આ પ્રકારની વસ્તુઓ ન હોવાથી તેને શંકા ગઈ. સાવચેતી દાખવીને મહિલાએ કમોડની સીટ પર ચડીને જોયું તો તે ચોંકી ગઈ. વેન્ટિલેશનની જાળી પર એક મોબાઈલ ફોન ગુપ્ત રીતે મૂકવામાં આવ્યો હતો અને એમાં વીડિયો રેકોર્ડિંગ ચાલુ હતું. આ દૃશ્ય જોતાં જ મહિલાએ બૂમાબૂમ કરી હતી, જેના કારણે રેસ્ટોરન્ટમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા.હોટલે પહોંચેલી પોલીસે તાત્કાલિક મોબાઈલ ફોનને કબજે કરી તપાસ શરૂ કરી હતી. પોલીસે રેસ્ટોરન્ટના કર્મચારીઓની પૂછપરછ શરૂ કરતા રેકોર્ડિંગની લેન્થ પ્રમાણે જે વ્યક્તિ છેલ્લે મહિલા વોશરૂમમાંથી બહાર નીકળી હતી તે સફાઈ કર્મચારી સુરેન્દ્ર રાણા (ઉંમર: ૩૦, રહેવાસી: ઝારખંડ)હતો. ફૂટેજમાં તે શંકાસ્પદ રીતે હલન ચલન કરતો જોવા મળ્યો. આ પુરાવાના આધારે પોલીસે તેને ઝડપી લીધો હતો.

# ખોખરા વિદ્યાર્થી હત્યાકાંડ: સ્કૂલ બંધના એલાનને મિશ્ર પ્રતિસાદ, ચુસ્ત પોલીસ બંદોબસ્ત; વધુ એક વિદ્યાર્થીની અટકાયત

અમદાવાદ:
શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં ધોરણ ૯ના વિદ્યાર્થીની હત્યાના મામલે ઉગ્ર બનેલા વિરોધ અને તોડફોડની ઘટનાના પગલે આજે (૨૧ ઓગસ્ટ) પણ તંગદિલીનો માહોલ જોવા મળ્યો હતો. યુથ કોંગ્રેસ, દ્ગજૈ અને વિશ્વ હિન્દુ પરિષદ (ફઉઁ) દ્વારા આપવામાં આવેલા બંધના એલાનને પગલે મણિનગર, ખોખરા અને ઈસનપુર સહિતના વિસ્તારોમાં સવારથી જ મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે. આશરે ૨૦૦ જેટલી શાળાઓએ સ્વયંભૂ બંધ પાળ્યો છે, જ્યારે બજારોમાં કેટલીક દુકાનો ખુલ્લી તો કેટલીક બંધ રહી હતી. સિંધી માર્કેટ સંપૂર્ણપણે બંધ રહ્યું હતું.

બુધવારે (૨૦ ઓગસ્ટ) વિદ્યાર્થીની હત્યાની ઘટના બાદ રોષે ભરાયેલા ટોળાએ સ્કૂલમાં ભારે







તોડફોડ કરી હતી. જેને પગલે આજે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સેવન્થ ડે સ્કૂલ અને તેની આસપાસના ૫૦૦ મીટરના વિસ્તારમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

આ હત્યા કેસમાં પોલીસે મુખ્ય આરોપી વિદ્યાર્થીની અટકાયત કર્યા બાદ વધુ એક વિદ્યાર્થીની સંડોવણીની આશંકાના આધારે અટકાયત કરી છે. હાલ બંને વિદ્યાર્થીઓ પોલીસ કસ્ટડીમાં છે અને તેમની પૂછપરછ ચાલી રહી છે.

બીજી તરફ, મૃતક વિદ્યાર્થીના પરિવારે શાળા પ્રશાસન પર ગંભીર આરોપો લગાવ્યા છે. પરિજનોનો આક્ષેપ છે કે, તેમનો પુત્ર ગંભીર રીતે ઘાયલ હોવા છતાં શાળા દ્વારા તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી ન હતી. એટલું જ નહીં, શાળાએ પાણીનું ટેક્નર બોલાવીને ઘટનાસ્થળેથી લોહીના ડાઘા સાફ કરાવી પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ આરોપોને પગલે પોલીસ દ્વારા શાળા સંચાલકોની ભૂમિકા અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે. બંધના એલાનને કારણે સમગ્ર વિસ્તારમાં વાતાવરણ તંગ અને ગંભીર બનેલું છે.

## વડોદરામાં DGP વિકાસ સહાયની અધ્યક્ષતામાં માર્ગ સુરક્ષા રેલી યોજાઈ, અકસ્માતો ઘટાડવા અભ્યાસ હાથ ધરાશે

વડોદરા,
શહેરમાં ચાલી રહેલા માર્ગ સુરક્ષા સપ્તાહના ભાગરૂપે વડોદરા પોલીસ દ્વારા આયોજિત એક જનજાગૃતિ રેલીમાં ગુજરાત રાજ્યના પોલીસ મહાનિર્દેશક (દ્ધઁ) વિકાસ સહાયે હાજરી આપી હતી. તેમણે આ પ્રસંગે વાહનચાલકોને નિઃશુલ્ક હેલ્મેટનું વિતરણ કરી સુરક્ષિત ડ્રાઈવિંગનો સંદેશ આપ્યો હતો.પોલીસ વિભાગના કર્મચારીઓ અને શહેરીજનોની હેલ્મેટ સજ્જ બાઈક રેલીને પ્રસ્થાન કરાવતા ડીજીપી વિકાસ સહાયે રાજ્યમાં વધી રહેલા માર્ગ અકસ્માતો અને તેમાં થતા મૃત્યુ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, "ટ્રાફિક નિયમનનું પાલન કેવી રીતે




વધુ અસરકારક બનાવી શકાય અને અકસ્માતોનો દર કેવી રીતે ઘટાડી શકાય તે દિશામાં ઉંડાણપૂર્વક અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોનો અમૂલ્ય જીવ બચાવવાનો છે." આ કાર્યક્રમમાં સ્થાનિક પોલીસ તંત્રના ઉચ્ચ અધિકારીઓ અને મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ જોડાયા હતા, જેમણે શહેરમાં ફરીને લોકોને ટ્રાફિક નિયમોનું પાલન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## વડોદરામાં હાઉસિંગ બોર્ડના પ્લાનમાં ગોલમાલનો આરોપ, સ્વામી વિવેકાનંદ હાઈટ્સના રહીશોએ કર્યો ઉગ્ર વિરોધ

વડોદરા,
શહેરના પશ્ચિમ વિસ્તારમાં ગોરવા-લક્ષ્મીપુરા રોડ પર આવેલી ગુજરાત હાઉસિંગ બોર્ડ (ય્ઉઁમ્)ની સ્વામી વિવેકાનંદ હાઈટ્સ-૩ વસાહતના રહીશોએ આજે બોર્ડના અધિકારીઓ અને ક્યુબ કન્સ્ટ્રક્શન નામના કોન્ટ્રાક્ટર વિરુદ્ધ છેતરપિંડીના ગંભીર આક્ષેપો સાથે વિરોધ પ્રદર્શન કર્યું હતું. વસાહતીઓએ એકત્રિત થઈને ય્ઉઁમ્ વિરુદ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી પોતાનો રોષ ઠાલવ્યો હતો.

સ્થાનિક રહેવાસી જીગ્નેશ વાળંદે જણાવ્યું કે, "જ્યારે અમને ફ્લેટ બુક કરાવતી વખતે પેમ્પ્લેટ બતાવવામાં આવ્યું હતું, ત્યારે તેમાં સ્પષ્ટપણે સાત માળની ઈમારત અને નીચે સંપૂર્ણ પાર્કિંગની જગ્યા દર્શાવવામાં આવી હતી. પરંતુ, અમારી સાથે છેતરપિંડી કરવામાં આવી છે. સાત માળની જગ્યાએ તેર માળની ?????દી બિલ્ડીંગ બનાવી દેવામાં આવી છે અને જે પાર્કિંગની જગ્યા હતી ત્યાં દુકાનો બનાવી દેવાઈ છે." રહીશોનો વધુમાં આરોપ છે કે પાર્કિંગની જગ્યામાં ગેરકાયદેસર રીતે દુકાનો બનાવીને રેસિડેન્શિયલ વિસ્તારને કોમર્શિયલ બનાવી દેવામાં આવ્યો છે. આના કારણે તેમને વીજળીના બિલ પણ કોમર્શિયલ દર મુજબ મોકલવામાં આવી રહ્યા છે, જે એક મોટો આર્થિક બોજ છે. પાર્કિંગની કોઈ સુવિધા ન હોવાથી વાહનચાલકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. રહીશોએ તેમની સમસ્યાઓનો તાત્કાલિક ઉકેલ લાવવા માંગ કરી છે.

## વડોદરાના ખંડેરાવ માર્કેટમાં માળી સમાજના બે જૂથો બાખડ્યા, મહિલા પર લાકડીઓથી હુમલો, ત્રણ સામે ફરિયાદ

વડોદરા,
શહેરના ઐતિહાસિક ખંડેરાવ માર્કેટ પાસે આવેલા ગુરુદ્વારા નજીક બુધવારે સાંજે માળી સમાજના બે જૂથો વચ્ચે થયેલી સામાન્ય તકરાર ખૂની ખેલમાં પરિણમી હતી. નજીવી વાત પર શરૂ થયેલો વિવાદ એટલો વકર્યો કે એક જૂથે લાકડીઓ વડે બીજા જૂથ પર હુમલો કરી દીધો હતો, જેમાં એક મહિલા સહિત અન્ય લોકોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. પ્રાપ્ત વિગતો અનુસાર, ફૂલ બજારમાં વેપાર કરતા માળી સમાજના બે પરિવારો વચ્ચે ધંધાકીય બાબતે બોલાચાલી થઈ હતી. જે બાદ રાહુલ માળી, રામુ માળી અને સંજય માળીએ પોતાના સાગરિતો સાથે મળીને સામેના પક્ષ પર લાકડીઓ વડે હુમલો કર્યો હોવાનો આરોપ છે. આ હુમલામાં એક મહિલાને પણ ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. ઘટના બાદ સમગ્ર વિસ્તારમાં ભયનોમાહોલ ફેલાયો હતો.

ભોગ બનનાર પક્ષ દ્વારા તાત્કાલિક નવાપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે રામુ માળી, રાહુલ માળી અને સંજય માળી સહિત અન્ય હુમલાખોરો વિરુદ્ધ રાયોટિંગ અને મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીઓની શોધખોળ શરૂ કરી છે. પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવીને પણ તપાસને આગળ ધપાવી છે.

## રાજીવ ગાંધીની જન્મજયંતિ: વડોદરા કોંગ્રેસ દ્વારા વૃક્ષારોપણ અને મહિલાઓને સેનેટરી પેડનું વિતરણ




વડોદરા:
પૂર્વ વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર દેશ સાથે વડોદરામાં પણ કોંગ્રેસ પરિવાર દ્વારા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે તેમના જીવનકાળ દરમિયાન દેશને આપેલા યોગદાનને યાદ કરવામાં આવ્યું.

વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વૃક્ષારોપણ અને શહેર કાર્યાલય ખાતે રાજીવ ગાંધીના ફોટાને પુષ્પાંજલિ અર્પણ કરવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, અખિલ ભારતીય મહિલા કોંગ્રેસ અધ્યક્ષ શ્રીમતી અલ્કા લાંબા અને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ અધ્યક્ષ શ્રીમતી ગીતાબેન પટેલના આદેશ અનુસાર, વડોદરા શહેર મહિલા કોંગ્રેસ દ્વારા એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત મહિલાઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરા શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ શ્રીમતી પાર્વતીબેન રાજપૂત, ઉપ પ્રમુખ સઈદાબેન વોરા, તેમજ મહિલા વોર્ડ પ્રમુખ મીનાબેન રાજપૂત અને પૂનમબેન પવાર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમો દ્વારા રાજીવ ગાંધીના યોગદાનને યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી.

## અલ્તાફ શેખનો પ્રેરણાદાયી સંદેશ – યુવાનોને ભારતનું નામ ઉજ્જવળ બનાવવા આહ્વાન




અમદાવાદ, ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ – ભારતના ૭૯મા સ્વતંત્રતા દિવસના અવસરે ક્લોથ લુક ફેશન ઈન્ટરનેશનલ મેગેઝિન ના સ્થાપક અને એડિટર-ઈન-ચીફ અલ્તાફ નસીરૂદ્દીન શેખે રાષ્ટ્ર અને ખાસ કરીને યુવા પેઢી માટે હૃદયસ્પર્શી સંદેશ પાઠવ્યો.ભારતીય હોવાનો ગર્વ વ્યક્ત કરતાં તેમણે કહ્યું: "આ આપણું રાષ્ટ્ર છે અને હું ભારતીય હોવાનો ગર્વ અનુભવું છું. આ સ્વતંત્રતા દિવસે હું યુવાનોને સંદેશ આપું છું કે ભારતનું ભવિષ્ય તમારા હાથમાં છે. દેશને પ્રેમ કરો, આપના વિઝન પ્રત્યે સચ્ચા રહો અને જે કાર્ય કરો તેમાં શ્રેષ્ઠતા હાંસલ કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરો. જ્યારે આપણે દરેક પોતાનું શ્રેષ્ઠ આપીએ છીએ ત્યારે આપણે ફક્ત પોતાને જ નહીં પરંતુ ભારતના નામને વૈશ્વિક સ્તરે ઊંચું લઈ જઈએ છીએ. આવો, આપણે સૌ એકતાથી, જવાબદારીપૂર્વક અને પ્રતિબદ્ધતા સાથે વધુ શક્તિશાળી અને ઉજ્જ્વળ ભારતની રચના કરીએ." શેખે ખાસ કરીને યુવાનોને ભારતના ભવિષ્યના સાચા સર્જક તરીકે ઓળખાવ્યા અને તેમને સમર્પણ, મહેનત અને સર્જનાત્મકતાથી કામ કરવા પ્રોત્સાહિત કર્યા. ફેશન અને મીડિયા જગતના આગેવાન તરીકે તેઓ સતત પોતાના પ્લેટફોર્મ દ્વારા ભારતીય પ્રતિભાને આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ અપાવવાનું કાર્ય કરતા રહ્યા છે. તેમણે ઉમેર્યું કે સાચો દેશપ્રેમ ફક્ત ઉજવણીમાં નથી, પરંતુ શિસ્ત, મહેનત અને સકારાત્મક યોગદાન દ્વારા દેશને આગળ વધારવામાં છે. તેમના આ શબ્દો લાખો ભારતીયો માટે પ્રેરણા બની રહ્યા છે કે દેશના પ્રગતિપથમાં યુવાનોની જ્વાલંત ભૂમિકા છે. અલ્તાફ શેખના આ સંદેશ સાથે એકતા, જવાબદારી અને શ્રેષ્ઠતાનું શપથ લેવાની અપીલ કરવામાં આવી છે જેથી ભારતનું નામ વિશ્વભરમાં ઊંચું ઉઠે.

સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભકામનાઓ!

## રાજીવ ગાંધીની જન્મજયંતિ: વડોદરા કોંગ્રેસ દ્વારા પુષ્પાંજલિ અને શહેરભરમાં વૃક્ષારોપણ



વડોદરા:
તારીખ ૨૦ ઓગસ્ટ, બુધવારના રોજ પૂર્વ વડાપ્રધાન સ્વ. શ્રી રાજીવ ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે વડોદરા શહેર કોંગ્રેસ કાર્યાલય ખાતે તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો. સવારે ૧૦:૦૦ કલાકે, કોંગ્રેસના અગ્રણીઓએ તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી અને દેશના વિકાસમાં તેમના યોગદાનને યાદ કર્યું.

આ કાર્યક્રમમાં વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષી, વિરોધ પક્ષના નેતા ચંદ્રકાંતભાઈ શ્રીવાસ્તવ, અને કોર્પોરેટરો જેવા કે પુષ્પાબેન વાઘેલા, અલકાબેન પટેલ, જહાં ભરવાડ, અને અમી રાવત સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, નરેન્દ્ર રાવત, જાગૃતિબેન રાણા, મહેશ સોલંકી, પાર્વતીબેન રાજપૂત, જગદેવ પરમાર અને વિવિધ વોર્ડના પ્રમુખોએ પણ રાજીવ ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી હતી. આધુનિક ભારતના નિર્માતા તરીકે રાજીવ ગાંધીજીના યોગદાનને યાદ કરીને તેમના નેતૃત્વ હેઠળ ભારતમાં ટેકનોલોજી, કમ્પ્યુટર અને ટેલિકમ્યુનિકેશન ક્ષેત્રે આવેલી ક્રાંતિ, પંચાયતી રાજને મળેલ અધિકાર, અને ૧૮ વર્ષના યુવાનોને મતાધિકાર જેવી ઐતિહાસિક પહેલની સરાહના કરવામાં આવી હતી.


પુષ્પાંજલિના કાર્યક્રમ બાદ, રાજીવ ગાંધીજીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે વડોદરાના વિવિધ વિસ્તારોમાં વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારે ૮:૩૦ કલાકે વોર્ડ નં. ૧૨માં અટલાદરા ખાતે, સવારે ૧૧:૦૦ કલાકે વોર્ડ નં. ૧૬માં કપુરાઈ સ્મશાન પાસેની શાળામાં, અને સાંજે ૬:૦૦ કલાકે વોર્ડ નં. ૧૦માં ભાયલી ગામના વેરાઈ માતા ચોકમાં વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાયા હતા. આ તમામ કાર્યક્રમોમાં સ્થાનિક જનપ્રતિનિધિઓ અને નાગરિકોએ મોટી સંખ્યામાં ભાગ લઈ પર્યાવરણ સંરક્ષણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

કપિલ જોષી, પ્રવકતા, વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ, દ્વારા આ કાર્યક્રમોની વિગતો જારી કરવામાં આવી હતી.

## પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીની જન્મજયંતિએ વડોદરા કોંગ્રેસ દ્વારા શ્રદ્ધાંજલિ અને સેવાકીય કાર્યો

વડોદરા,
ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે બુધવાર, તારીખ ૨૦ ઓગસ્ટના રોજ વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરી તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમમાં શહેર કાર્યાલય ખાતે રાજીવ ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાઈ હતી અને દેશ માટેના તેમના અમૂલ્ય યોગદાનને યાદ કરવામાં આવ્યું હતું. પર્યાવરણના જતનનો સંદેશ આપતા કોંગ્રેસના કાર્યકરો દ્વારા શહેરમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત, અખિલ ભારતીય મહિલા કોંગ્રેસના અધ્યક્ષ શ્રીમતી અલ્કા લાંબા અને ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસના અધ્યક્ષ શ્રીમતી ગીતાબેન પટેલના આદેશ અનુસાર,



વડોદરા શહેર મહિલા કોંગ્રેસ દ્વારા એક વિશેષ સેવાકીય કાર્યક્રમ યોજાયો હતો. શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ શ્રીમતી પાર્વતીબેન રાજપૂતની અધ્યક્ષતામાં જરૂરિયાતમંદ મહિલાઓને સેનેટરી પેડનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ઉપપ્રમુખ સઈદાબેન વ્હોરા, મીનાબેન રાજપૂત અને પૂનમબેન પવાર સહિતના મહિલા આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## વડોદરામાં ગેસ કૌભાંડ: તંત્રના આંખ આડા કાન, રાજુ ફાલુદા જેવાથી રોજ બળે છે સબસિડીના કરોડો રૂપિયા

વડોદરા:
શહેરના હોટેલ, રેસ્ટોરન્ટ અને લારી-ગલ્લાઓ પર ગેરકાયદેસર રીતે ઘરેલુ ગેસના બાટલા વાપરવાનું મસમોટું કૌભાંડ ખુલ્લેઆમ ચાલી રહ્યું છે, પરંતુ જવાબદાર અધિકારીઓ જાણે આંખે પાટા બાંધીને બેઠા હોય તેમ કોઈ જ પગલાં લેવાઈ રહ્યા નથી. તાજેતરમાં વરસીયા વિસ્તારમાં આવેલા પ્રખ્યાત 'રાજુ ફાલુદા'ના ફૂડ કારખાનામાંથી ૧૫ થી ૨૦ જેટલા ઘરેલુ ગેસના બાટલાનો ગેરકાયદેસર જથ્થો પકડાયો હતો, છતાં આ મામલે તંત્ર દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી નથી, જે અનેક શંકાઓ ઉભી કરે છે.

આ એકમાત્ર ઘટના નથી. શહેરના મોટાભાગના કોમર્શિયલ ખાણીપીણીના ધંધાર્થીઓ બેફામપણે સબસિડીવાળા ગેસનો ઉપયોગ કરી રહ્યા છે, જે સીધો સામાન્ય નાગરિકના હક પર તરાપ છે. સવાલ એ છે કે આટલી મોટી સંખ્યામાં ઘરેલુ ગેસના બાટલા આ વેપારીઓ સુધી પહોંચે છે ક્યાંથી? શું ગેસ એજન્સીઓની મિલીભગત વિના આ શક્ય છે? કે પછી સરકારી બાબુઓના રાજમાં ભ્રષ્ટાચારની 'દિવાળી' મનાવાઈ રહી છે?

'રાજુ ફાલુદા' જેવી ઘટનાઓ સામે આવ્યા છતાં અધિકારીઓ દ્વારા કોઈ પગલાં ન લેવાતા સ્પષ્ટપણે તેમની નિષ્ક્રિયતા અથવા સાંઠગાંઠ છતી થાય છે. એક તરફ સામાન્ય જનતાને બાટલો બુક કરાવ્યા બાદ દિવસો સુધી રાહ જોવી પડે છે, તો બીજી તરફ આવા વેપારીઓ ગેરકાયદેસર રીતે સસ્તા દરે ગેસ મેળવી તગડો નફો રળી રહ્યા છે.

જો આ કૌભાંડ પર તાત્કાલિક લગામ કસવામાં નહીં આવે અને જવાબદાર અધિકારીઓ તેમજ વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં નહીં આવે, તો સરકારી તિજોરીને લાગતો કરોડોનો ચૂનો અને આમ જનતાનું શોષણ ક્યારેય અટકશે નહીં.

Printed, Published and Owned by **Raval Prakash Jagdish** and Printed at **Gujarat Garjana Offset**, B/13, Shri Sainath Ind. Estate, Nr. G.D. High School, B/h. Kubereshwar Mahadev Saijpur Bogha, Naroda Ahmedabad-382345. Published From - 703, Starline Complex, Alkapuri, Opp. Circuit House, Vadodara - 380007. Editor :- **RAVAL PRAKASH JAGDISH**